ઓગસ્ટ ૨૦૨૬

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦

**આ દુનિયામાં 'હું ખોટો છું' એવું કોણ બોલે ? જે તદ્દન સાચો હોય તે જ બોલે. બાકી તો બધું અંડરગ્રાઉન્ડ (છાનું), ઢાંકેલું જ રાખે ! પોતાના દોષ બોલવામાં, કહેવામાં શું વાંધો ? ઓપન ટુ સ્કાય (ખુલ્લા) કરી નાખો ને !**



# આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો બ્રાઝિલ - યુ.એસ.એ. સત્સંગ પ્રવાસ જૂન - જુલાઈ ૨૦૨૬

## બ્રાઝિલ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૫ થી ૨૮ જૂન ૨૦૨૬




## ફિનિક્સ (કેલિફોર્નિયા) : સત્સંગ : તા.૩૦ જૂન થી ૨ જુલાઈ ૨૦૨૬



વર્ષ : ૩૧, અંક : ૧૨
સળંગ અંક : ૩૭૨
**ઓગષ્ટ ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત : ૧૦૦૦ રૂપિયા**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૨૦૦ રૂપિયા**
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'પોતાની ભૂલો ખુલ્લી કરવી' એ છેલ્લું ડેવલપમેન્ટ

### સંપાદકીય

જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)નું જ્ઞાન પહેલાનું જીવન એક સામાન્ય માણસ જેવું જ હતું. એમના જીવનમાં બનેલા પ્રસંગો પણ સામાન્ય માણસના જીવનમાં બનતા હોય એવા જ હતા. એમનાથી પણ જીવનમાં ઘણી ભૂલો થઈ હતી. પણ વિશેષતા એ હતી કે એકવાર ભૂલ સમજ્યા પછી એના પર મનોમંથન કરી, તારણ કાઢી, પોતાની ભૂલો ખુલ્લી કરી, એ ભૂલોમાંથી બહાર નીકળ્યા અને આપણને પણ એવી ભૂલોમાંથી નીકળવાની સરળ ચાવીઓ આપે છે.

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીના ધંધામાં એમની પોતાની જરાય ઈચ્છા ન હોવા છતાં આ કાળના પ્રભાવમાં અમુક વર્ષો સુધી કાળા બજારમાં ભૂલથી પેસી ગયા ને સ્લિપ થઈ ખૂબ પૈસા કમાયા. પણ ઉપાદાન એવું ઊંચું કે પછી એ કાળું નાણું દુઃખદાયી લાગ્યું, રોમે રોમે કૈડવા માંડ્યું. અને પછી સ્ટ્રોંગ ભાવના કરી કે કાળું નાણું જલદી જાય તો સારું. કોન્ટ્રાક્ટના ધંધામાં પણ લોકોનું જોઈને ઊંધું શીખીને બીજા સાથે હરીફાઈમાં પડીને સરકારી મકાનોના બાંધકામમાં સરકારનો સિમેન્ટ, સ્ટીલ ઓછા નાખતા. પછી મહીં સમજાયું કે ગવર્મેન્ટના સાહેબ આવે તો અંદર ભડકાટ તો થાય જ છે માટે આમાં આપણી કંઈક ભૂલ છે ! માટે આ ચોરી જ કહેવાય. પછી તારણ કાઢ્યું કે 'આ તો હું સરકારની નહીં, પોતાની જ ચોરી કરી રહ્યો છું, પોતાની જ જાતને છેતરી રહ્યો છું.'

દાદાશ્રી પોતે એટલા બધા જાગ્રત હતા કે એમણે તપાસ કરી કે 'આટલું બધું હું ધર્મનું વાંચન કરું છું તોય ધંધામાં ચોરી બંધ થતી નથી, માટે હજુ આગળ કંઈ બીજું હોવું જોઈએ. ૧૯૫૧માં બધી ચોરીઓ અને ભ્રષ્ટાચાર બંધ થયા બાદ, પોતે બધી ભૂલોના પસ્તાવા કર્યા પછી ૧૯૫૮માં આત્મજ્ઞાન થયું. આત્મજ્ઞાન થયા બાદ 'એ.એમ.પટેલ'નો પક્ષપાત ના રહ્યો. અગાઉ ધંધામાં કાળાબજાર કર્યા, ઝઘડા થયા, કોર્ટમાં ગયા, ખોટો ખાધી, ચોરીઓ કરી, ભ્રષ્ટાચાર થયા જેવી તમામ બાબતો મહાત્માઓની વચ્ચે પોતાનું બધું જ જેમ છે તેમ ખુલ્લું કર્યું. તેઓ કહે છે કે આ કાળમાં અમારા જેવા જ્ઞાનીથી પણ ચોરીઓ થયેલી તો બીજા લોકોનું તો શું ગજું ? મારું ખુલ્લું કરીને હું તમને હિંમત આપી તમારું ખુલ્લું કરવાનું શીખડાવું છું.

દાદાશ્રી કહે છે કે ભગવાનને ઓળખવા હોય તો છૂપા કામ કરવાના ના હોય. છૂપા કામ કરે છે, તેને સવળું કરવા શું કરવું ? ખાનગી રાખેલું બધું ખુલ્લું કરવું, એ જ છેલ્લું ડેવલપમેન્ટ છે. આપણે પણ આપણી ભૂલો ખુલ્લી કરીને પ્રતિક્રમણ કરી, હળવા થઈ, ભય મુક્ત થઈએ. આ ખુલ્લું કરવાથી અમારી લૌકિક આબરૂ ભલે ગયેલી લાગે, પણ જ્ઞાનનું અલૌકિક ઐશ્વર્ય પાર વગરનું અનુભવ્યું હતું. એ જ દશા મહાત્માઓ પણ અનુભવી મોક્ષમાર્ગે આગળ વધવાનો પુરુષાર્થ માંડે એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# 'પોતાની ભૂલો ખુલ્લી કરવી' એ છેલ્લું ડેવલપમેન્ટ

## લોકોને શાંતિ રહે એવા જવાબ

**પ્રશ્નકર્તા :** દાદા, આપના જીવનનો એક નાનકડો પ્રસંગ મેં વાંચ્યો અને એનાથી હું આકર્ષાયો, એ તમને કહું ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એક જ ચોપડી હાથમાં આવેલી અને એક પ્રસંગ એમાં વાંચ્યો. એટલે મને થયું કે દાદા પાસે તો જવું જ જોઈએ. એમાં હતું કે વેપારની અંદર બે માણસો આવ્યા. એકે પૂછ્યું, 'કેટલી ખોટ ગઈ ? પચાસ-પંચોતેર હજાર ?' તો દાદા કહે, 'એક લાખ.' બીજો પૂછે છે કે 'લાખ ?' તો કહે, 'ના, પચાસ હજાર.' એટલે મને થયું કે આ રસ્તો સારો. કારણ કે અત્યાર સુધી હું એમ સમજ્યો, કે મારો કોઈ દ્વેષ ન કરે અને હું કોઈનો દ્વેષ ન કરું, એવી મારી સ્થિતિ મને ભગવાન દે. પણ આમાં તો સામાને ખુશ કરવાની વાત કરી !

**નીરુમા :** હા, સરસ છે એ વાત ! આપ્તવાણી સાતમાં છે.

**પ્રશ્નકર્તા :** આપના ધંધામાં નુકસાની થઈ. તે વખતે આપના વિરોધી હતા, એમણે આવીને પૂછ્યું કે 'ભાઈ, કેમનું છે, કેટલું નુકસાન ગયું ?' તો એને આનંદ થાય એટલા માટે તમે કહ્યું, 'એક લાખ રૂપિયા.'

**દાદાશ્રી :** હા, એટલે એને બહુ આનંદ થાય ને ! એ પૂછવા આવ્યો હતો. એનો હેતુ શું હતો, કે વધુ નુકસાન થયું હોય તો સારું આ લોકોને. તે અમારે નુકસાન તો થોડું હતું, પણ મેં એને વધારે કહ્યું, તે એને ખૂબ આનંદ થઈ ગયો બિચારાને ! મને કહે છે, 'પણ શાંતિ રાખજો.' મેં કહ્યું, 'હું શાંતિ રાખીશ, પણ તમે બેસીને ચા પીવો તો મને શાંતિ રહે.' તે પાછી એને ચા પાઈ. ખુશ થઈ જાય ને, કે બહુ સારું થયું. આપણે હેંડો ને, આને ત્યાં પાર્ટી બેસવાની (નુકસાનીમાં જવાની) તૈયારી છે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે એ રાજી થાય.

**દાદાશ્રી :** અને પાર્ટી બેસે ત્યારે મજા આવે એટલા હારુ જ તપાસ કરવા આવ્યો હોય !

## બધાને ખુશ કરીને મોકલે

**પ્રશ્નકર્તા :** દાદા, થોડું વિસ્તારથી જણાવો ને, શું થતું હતું ?

**દાદાશ્રી :** અમને કંપનીમાં ખોટ આવે એટલે જરા ઠંડું પડેલું ને, તે વડોદરા જઈએ ત્યારે લોકો પૂછે, 'બહુ ખોટ આવી છે ?' ત્યારે મેં કહ્યું, 'કેટલી લાગે છે તમને ?' ત્યારે કહે, 'લાખેક રૂપિયાની ખોટ આવી લાગે છે !' મેં કહ્યું, 'ત્રણ લાખ રૂપિયાની ખોટ ગઈ.' હવે આપણને અડધા લાખની કે પોણા લાખની આવી હોય ને હું એને ત્રણ લાખની કહું. કારણ કે પેલો ખોળવા આવેલો. તે શું ખોળવા આવ્યો છે એ જાણું, કે આને જો હું ત્રણ લાખની કહીશ તો ખુશ રહેશે ને બિચારાને ખાવાનું ભાવશે ઘેર. એટલે હું કહું, કે 'ત્રણ લાખની ગઈ.' એટલે પેલાને સંતોષ થાય બિચારાને, ઘેર જઈને જમે સારી રીતે ! એને કંઈક રાગ-દ્વેષ હોય ત્યારે તો આવ્યો હોય.

અને પછી બીજો લાગણીવાળો આવે ને, 'ખોટ બહુ ગઈ છે ?' ત્યારે મેં કહ્યું, 'ના, પચાસ હજાર રૂપિયાની ખોટ આવેલી, પણ હમણાં ઓચિંતો એક લાખ રૂપિયાનો નફો મળ્યો !' તે પેલાને ટાઢક થઈ જાય. એટલે એય ખુશ થાય ને ઘેર જઈને એને શાંતિ રહે. લાગણીવાળા ને બીજા, બેઉ જાતના લોક આવવાના. બેઉને ખુશ કરીને કાઢવાના નિરાંતે.

મેં પેલાને કહ્યું, 'ભઈ, ત્રણેક લાખની ગઈ છે.' એટલે પેલો તો બહુ ઉછાળે ચડ્યો, તે મેં એને કહ્યું, 'ચા-બા પીને જાવ.' ત્યારે કહે, 'મારે જરા કામ છે.' પણ પેલો આનંદ આવી ગયો ને, હવે ચા-બા બધું આવી ગયું. ખોરાક મળી ગયો એને. આ દ્વેષ છે ને, દ્વેષ ! એવું આ સ્પર્ધા એવી વસ્તુ છે કે સ્પર્ધામાં ચાહે સો કરી નાખે માણસ. સ્પર્ધા ! 'મારા કરતા આગળ વધી ગયા છે ? હવે પાછા પડ્યા, પડવા જ જોઈએ.' પાછા પાડવાના પ્રયત્ન કર્યા કરે. તે હું આવું ચોખ્ખું જ કહી દઉં ને, 'વધારે ખોટ ગઈ છે, બા.' જો એને નિરાંતે ખાવાનું ભાવ્યું, ને પેલાનેય ભાવ્યું. આપણે અહીં શી ખોટ જવાની ? આપણે જે ખોટ ગયેલી છે એ ગયેલી છે, એનો આપણે વાંધો નથી. આ તો પણ લોકોને 'શું છે' એ જવાબ તો આપવા પડે ને ! પેલાને કહીએ, 'કશું ખોટ નથી ગઈ.' એટલે પેલો વધારે ખોળી લાવે પાછો, કે આ તો નન્નો ભણે છે ! અલ્યા મૂઆ, નન્નો નહીં, હા ભણું છું. ત્રણ ગણી કહી તે. જેણે તને કહ્યું હોય તેને પૂછી આવજે. વખતે ખબર નહીં હોય, કે સારા પ્રમાણમાં ગઈ છે.

પાછો ફરી આવે ત્યારે મને કહે છે, 'હવે ધંધા-રોજગારનું તમારું બંધ કરવું પડશે ?' મેં કહ્યું, 'ના, આ તો સાત લાખની હતી મિલકત, તેમાંથી ત્રણ લાખની ઓછી થઈ ગઈ.' એય પાછું ટાઢું, 'આ તો કંઈ નવી જાતનું બોલ્યા !' 'મેર ગાંડિયા, મને કંઈ પહોંચી વળવાનો તું ? હું જ્ઞાની પુરુષ, તું મને કંઈ પહોંચી વળવાનો ? એમ તને દુઃખેય નહીં આપું, પણ તું આ હરીફમાં (હરીફાઈમાં) ગાંડા કાઢું એ નહીં કાઢવા દઉં.' વગર કામના મૂઆ, પાછળ ફર્યા કરે !

## ફિકરોને ફાકી કરીને ફાકી જવી

હવે રાગવાળો હોય તેને હું સમજી જઉં કે આ લાગણીવાળો છે. એને કહું, કે 'બેસો, હું તમને સમજ પાડું. આવી રીતે હકીકત છે.' એવું સમજ પાડું. અને પેલો જેને અનુકૂળ ના આવતું હોય, એને કહી દઉં કે 'વધારે (નુકસાન) ગયું.' એટલે નિરાંતે ઘેર જઈને જમે સારું. 'હવે ટાઢી થઈ ગઈ, (આમની) કંપની બેસી જશે બે વર્ષમાં', એ આશા હોય એને. તે આવા બધા નુસખા કર્યા કરું.

**પ્રશ્નકર્તા :** આ નુસખા કરતા કરતા જ આપને જ્ઞાન આવી ગયું, એવું મને લાગે છે.

**દાદાશ્રી :** વગર કામના શા આ ઓઢા ઓઢવાના (ઢાંક ઢાંક કરવું) ? જેટલી ફિકરો આવે તેને આમ ફાકી કરીને ફાકી જવાની. અમે વેપાર કરતા હતા ત્યારે બહુ ફિકરો આવેલી, જ્ઞાન પહેલા. ત્યારે જ આ જ્ઞાન થાય ને !

## સુખી કરવા પ્રેક્ટિકલ નુસખા

**પ્રશ્નકર્તા :** હવે જ્યારે આ લાગણીવાળો છે એ માણસ અને પેલો ઑપોઝિટવાળો (વિરોધી) માણસ, એ બે ભેગા થાય અને વાત કરે કે 'દાદાએ તો મને આવું કહ્યું.' પેલો કહે કે 'મને તો ત્રણ લાખની ખોટ કહી.' અને આ કહે, 'મને તો પચાસ હજારની ખોટ કહી.'

**દાદાશ્રી :** તો પેલો પચાસ હજારવાળો સમજી જાય.

**પ્રશ્નકર્તા :** ના, તો પેલાને શું ઈમ્પ્રેશન (છાપ) થાય આપની માટે ?

**દાદાશ્રી :** પેલાને ઈમ્પ્રેશન થાય કે 'હું આવો છું, એટલે આવું કર્યું હશે કંઈક. કંઈક ગોટાળો કર્યો આમણે.' એ સમજી જાય. હવે તારી મેળે નિરાંતે ઘેર જઈને પ્રસાદ કરીને સારી રીતે ખા અને સૂઈ જા. નિરાંતે ઊંઘ તો આવી જાય, પ્રસાદ લઈને. હવે આ પાર્ટી તૂટવા માંડી એની બહુ ભાવના હતી ને, તે થયું.

**પ્રશ્નકર્તા :** એટલે એ જે પેલો વિરોધીવાળો છે, એને આ આપ જૂઠું બોલ્યા એવું ના લાગે ?

**દાદાશ્રી :** લાગે ને !

**પ્રશ્નકર્તા :** તો પછી એ શું માને ? તો એ શું ઈમ્પ્રેશન થાય આપની માટે ?

**દાદાશ્રી :** એ જૂઠું કરવા જ આવ્યો છે ને ! જૂઠાથી જૂઠાને ભાગીએ એટલે સાચું થઈ ગયું. ટૂ (બે) નેગેટિવ, પૉઝિટિવ ના થાય ?

**પ્રશ્નકર્તા :** એમ નહીં, પણ હવે આ પેલો સીધો માણસ છે લાગણીવાળો, એનેય લાગે કે 'આવું ખોટું બોલ્યા ?'

**દાદાશ્રી :** એ સમજી જાય, એમણે કહ્યું છે એ ખરું. પેલો ખરું માને સાચી રીતે, અને પેલોય ખરું માને. એને જે ઈચ્છા હતી તે પ્રમાણે બન્યું, એટલે એકદમ પછી ભૂલી જાય એ. પણ ઊંડું ઊતરવાનું નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે પર્પઝ (હેતુ) તો એને દુઃખ ના આપવું. મારી પોતાની એવી માન્યતા હતી કે આપણા માટે કોઈને દ્વેષ થાય એવું કરવું નહીં ને આપણે કોઈના તરફ દ્વેષ નહીં કરવો.

**દાદાશ્રી :** ખરું છે.

**પ્રશ્નકર્તા :** પણ આપે તો એથીય આગળની વાત કરી કે બધાને રાજી કરીને કાઢો.

**દાદાશ્રી :** હા, તો એને સુખ થાય. એવું છે ને, મારા દુઃખ-સુખને એ ફેરવી શકે એમ છે નહીં, તો મારે બીજાને શા હારુ એ કરવું ?

એવું છે ને, આ તો હવે 'મારા જેવું સુખ આમને હોવું જોઈએ' એ માન્યતા ધરાવતો થયો હું. અને પેલું તો એ જે હેતુ માટે આવ્યો હતો, એ હેતુ એનો સરે એટલે ખુશ !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પછી કાઢી મૂકવાનો નહીં, એની મેળે જ જતો રહે. 'ભાઈ, તમે ધારો છો એથી વધારે ખોટ ગયેલી છે.' એટલે પેલાને 'હાશ !' થાય.

**પ્રશ્નકર્તા :** હવે સમજાયું.

**દાદાશ્રી :** કારણ કે બધું અમારી પાસે પ્રેક્ટિકલ હોય ! થીયરેટિકલ (સૈદ્ધાંતિક) હોય એને શું કરવાનું ?

### અમારી લાઈફ જ ખુલ્લંખુલ્લી

નાનપણથી કિંચિત્‌માત્ર લોભ નહીં અને લોભ નહીં હોવાથી કપટ પણ નહીં. એટલે મારી લાઈફ જ ખુલ્લંખુલ્લી ! જ્યારે દેવું થઈ ગયું હોય ને, ત્યારે લોકોને કહી દઉં કે 'દેવું હમણે બહુ થઈ ગયું છે.' અને ધંધામાં કમાયો હોય ત્યારે તે ઘડીએય કહી દઉં કે 'કમાયો છું.' ત્યારે અમારા ભાગીદાર કહે છે, 'આ દેવું તમે કહી દેશો તો...' મેં કહ્યું, 'ધીરશે નહીં એટલી જ ભાંજગડ છે ને, તો (ઊલટું) દેવું ઓછું થશે.' ધીરે ત્યારે દેવું વધે ને ! અને આ કમાયા એમ કહેવાથી કંઈ લઈ જવાનું કોઈ ? એટલે આવું ખુલ્લંખુલ્લું બોલવાની ટેવ પહેલેથી જ. હરેક વસ્તુ ખુલ્લંખુલ્લી !

એટલે ધંધામાં જેવું હોય એવું લોકોને કહી દેતો. ત્યારે મને એક જણ કહે છે, 'આવું શું કરવા કહી દો છો ?' ત્યારે મેં કહ્યું, 'જેને રૂપિયા લોકોની પાસે લેવા હોય લોન તરીકે, તે છૂપું રાખે. પણ અમારે કંઈ લોન તરીકે રૂપિયા લેવા નથી. અને આપવા હોય તો ઉઘાડામાં આપે, ઓપન ટૂ સ્કાય અમારું.' એટલે કહી દઉં, 'આ સાલ વીસ હજાર (રૂપિયાની) ખોટ આવી છે કે આજ આટલી ખોટ આવી છે.' એ હું ઓપન જ કરી નાખું. ભાંજગડ જ નહીં ને ! હું તો ચોખ્ખું જ બોલતો'તો કાયમ. ફફડાટ કોને ? થાપણો લેવી હોય તેને. હું તો

ચોખ્ખું જ કહેતો, જેવું હોય એવું. કારણ કે આ સારું ઊલટું. લોક ધીરતા હોય તો બંધ થઈ જશે તો ઊલટું દેવું વધતું ઓછું થશે. ત્યારે લોક શું કહે છે, 'એ મૂઆ ધીરે નહીં પછી તો.' અલ્યા પણ (નવું ધીરશે તો) દેવું વધી જાય ઊલટું ! તે દેવું વધે ઊલટું એના કરતા ચોખ્ખેચોખ્ખું કહી દે ને, જે થયું એ. લોક ધીરવા માટે એવું (ઊંધું) કરે છે.

## ખુલ્લું કરવા પાછળની સમજણ

**પ્રશ્નકર્તા :** ખુલ્લું કરવાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** ખોટ ગઈ હોય તોય સામાને વાત ખુલ્લી કરી દેવી. એટલે સામો (સારી) ભાવના કરે. એટલે (ખરાબ) પરમાણુ ઊડી જાય ને પોતે હલકો થઈ જાય. નહીં તો એકલો મહીં મૂંઝાયા કરે તો વધારે બોજો લાગે !

બાકી, ધંધામાં ખોટ આવી હોય તો કહી દઉં લોકોને, અને નફો આવ્યો હોય તો કહી દઉં, લોક પૂછે તો, નહીં તો ધંધાની વાત જ ના કરું કોઈ દહાડોય. લોક પૂછે, કે 'તમારે હમણે ખોટ આવી છે, એ વાત ખરી ?' મેં કહ્યું, 'વાત ખરી છે.'

## પૈસા જોઈતા હોય તે ગોટાળો કરે

ભાગીદાર શું કહે મને ? તમે વડોદરા જઈને એવું બોલ્યા'તા કે 'હમણે આ સાલ અમારે બહુ ખોટ છે ?' ત્યારે મેં કહ્યું, 'એવું કોણ ના બોલે ? જો (આપણે) ખોટ કહીશું તો કોઈ લેવા નહીં આવે.' ત્યારે કહે છે, 'પણ એમ ખોટ કહીએ તો સારું નહીં ને !' ત્યારે મેં કહ્યું, 'ખોટ કોણે ના કહેવાની હોય ? જેને લોકો પાસેથી, પબ્લિક પાસેથી નાણું લેવું છે, તેણે એમ કહેવું પડે કે અમારે બહુ નફો છે. આપણે લેવું નથી, પછી અમથા શું કરવા હાય હાય કર્યા કરીએ આપણે ? કોઈની પાસે લેવું નથી આપણે અને હવે આ ભાંજગડ, આ ઓઢા ઓઢીને શું કામનું છે તે ? અને બહાર લોકો જાણે તેથી ડરો નહીં.' લોક જાણશે તો જ સાચી વાત નીકળશે. વાંધો શો છે ? એમાં ડરવાનું ક્યાં છે ? જે થયું એ કહેવાનું. લોકોની ધીર શું કરવા લે છે ? આ આટલો ગોટાળો છે ને ? લોકો ના ધીરે એટલા માટે ઉઘાડું કરી નાખવું જોઈએ.

## ખુલ્લું કરીએ તો ચોખ્ખું રહે

અમે તો લેવામાં માનતા જ નહીં. આવા વ્યાજ અમારે ચડેલા જ નહીં. કોઈ ફેરો આવું પડેલા જ નહીં વ્યાજોમાં. અને ધંધોય ઓછો કરીએ, ભાંજગડ જ નહીં. આ શી ઉપાધિ ? સાથે લઈ જવાનું નહીં કશું. અમે તપાસ કરેલી, શું શું લઈ જવાય છે ? ત્યાર પછી આ બાઉન્ડ્રીઓ (સીમાઓ) બાંધેલી. ત્યાં કશુંય લઈ જવાય નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે આપનું કહેવું છે, કે એ સંઘરતું મન હોય તો એને ખુલ્લું કરી નાખવું.

**દાદાશ્રી :** હંઅ. ખુલ્લું કરીએ તો ચોખ્ખું રહે હંમેશાં. બોજા ઓછા થઈ જાય. વગર કામના ગૂંચાય ગૂંચાય ક્યાં સુધી કરશો ? પછી મન ચડી બેસશે. આપણી પાસે આટલી સિલક છે, એટલે મન ત્યાં ચડી બેસે.

## મોટા-મોટા ધંધાઓ કર્યા પણ ચાલ્યા નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, એલેપ્પીમાં તમે ધંધો કરેલો, એની વાત કરો ને !

**દાદાશ્રી :** હા, તે અમારો બિઝનેસ હતો. 'વેસ્ટર્ન ઈન્ડિયા ટ્રેડિંગ કૉર્પોરેશન' કંપની કાઢેલી અમે. સૂંઠ-મરી એ બધું મોટું જબરજસ્ત કામ ! સંભારવાનું રહી ગયું, રૂપિયા લઈ ગયું. (પહેલા) કાળાબજારના આવ્યા'તા એ બધું લઈ ગયું ને સંભારણા રહી ગયા, યાદ કરવાની રહી. નહીં ? વધારાના રૂપિયા કમાયેલા એ બધા જતા રહ્યા. મોટી પેઢી કાઢેલી જબરજસ્ત ! તે અહીં ચાલે બિઝનેસ, ત્યાંય બિઝનેસ ચાલે. અહીં છે તે સ્ટીલ

ફેબ્રિકેશનનું હતું. ફેબ્રિકેશનના બહુ મોટા કામ કરેલા. આખુંય કારખાનું જ હતું ને આપણે ત્યાં.

**પ્રશ્નકર્તા :** અને રોડના ને P.W.D.ના પણ કામો કર્યા, દાદાજી ? ગવર્મેન્ટના કામો પણ કોન્ટ્રાક્ટર તરીકે ?

**દાદાશ્રી :** એય બહુ કરેલા. મોટા મોટા રોડના ને એ બધા. પણ આય ફેબ્રિકેશન બહુ કર્યા. એમાં બે-ત્રણ લાખ રૂપિયાની લૉસ (ખોટ) આવી એટલે પછી બંધ કરી દીધેલું. ખાનગીમાં, પ્રાઈવેટ (ઊંધા-ચત્તા) કરેલા હોય ને ! અને જ્યાં જુઓ ત્યાં ઝઘડા. ઝઘડા સિવાય બીજી વાત નહીં. આપણાથી કોઈનું ઘલાય નહીં ને લોકો આપણું ઘાલી જાય. કંઈક હશે ત્યારે લોક ઘાલી ગયા હશે ને ! કોઈ મફત ઓછા ઘાલી જાય એવા છે ? માલેય એવો ને, જૂઠો માલ !

## થાકીને છેવટે ખોળ્યું પોતાનું સુખ

અમારી સ્ટીલ કન્સ્ટ્રક્શનની બહુ મોટી કંપની હતી. ૧૯૪૯માં ઘણા બધા પૈસા દબાઈ ગયા ને, એટલે બંધ કરી દીધેલી. એટલે બધા ધંધા કરી ચૂકેલા. અને નટ-બૉલ્ટ બધું બનાવી ચૂકેલા, કશું બાકી નહીં રાખેલું. મોટા મોટા સ્ટીલ કન્સ્ટ્રક્શનો કર્યા, બધું બહુ તોફાન કર્યું, પણ કશું હાથમાં રહ્યું નહીં.

**પ્રશ્નકર્તા :** હા, એટલે નૉલેજ (જ્ઞાન) છે બધું.

**દાદાશ્રી :** હા, તે બધા ઉંદર મારીને આ બિલાડી ઉપર બેઠેલી છે ! ('ઘણાં બધાં માર ખઈને અનુભવી થયા છીએ.') બધામાં સુખ ના જોયું એટલે પોતાનું સુખ ખોળી કાઢ્યું પછી.

**પ્રશ્નકર્તા :** હવે તો આપ એ સુખ વહેંચો છો ને બધાને !

**દાદાશ્રી :** હા, પણ 'જે સુખ હું પામ્યો એ બીજા લોક પામો' એ જ મારી ભાવના છે જગતમાં ! કારણ કે બધા ધંધા કર્યા પણ માર જ ખાધેલો છે. માર ખવડાવ્યો નથી લોકોને. આખી જિંદગી માર ખા ખા જ કર્યો છે લોકોનો. લોકોએ જે માર માર્યો તેને માટે સામું રિએક્શન (પ્રતિક્રિયા) નથી કર્યું.

**પ્રશ્નકર્તા :** આપના પુસ્તકો વાંચીએ છીએ ત્યારે એ જ ખ્યાલ આવે છે.

**દાદાશ્રી :** અહીંથી એલેપ્પી સુધી બિઝનેસ હતો. ત્રાવણકોર સ્ટેટમાં એલેપ્પીમાં સૂંઠ-મરીનું મોટું જબરજસ્ત કૉર્પોરેશન હતું. બધુંય કરી ચૂક્યા પણ છેવટે થાક્યા બધાથી.

**પ્રશ્નકર્તા :** બહુ મહેનત કરી હશે ત્યારે ?

**દાદાશ્રી :** હા, બહુ મહેનત, ખૂબ મહેનત કરેલી. લોકોએ નવડાય નવડાય (છેતર-છેતર) કરેલા. અને ન્યાય-અન્યાય, આ અમારું જ ફળ અમને આપેલું. લોક શું કહે ? 'પેલા લોકોએ તમને નવડાયા ?' મેં કહ્યું, 'નવડાયા પણ પાણી અમારું જ હતું (અમારો જ હિસાબ હતો.) !'

## કાળના સંગમાં કાળાબજારની અસર

એટલે માર બહુ ખાધેલા. કાળાબજાર કર્યા ને બધું કર્યું અને માર-ઉપાધિઓ થઈ ઊલટી.

**પ્રશ્નકર્તા :** દાદા, ત્યારે કાળાબજાર હતા નહીં.

**દાદાશ્રી :** અરે, હતા ! કાળાબજાર થયા'તા. ૧૯૪૨માં વડોદરામાં અમે કારખાનું કાઢેલું. વિટકો એન્જિનિયરિંગ કંપની, તે આપણે કપાસ ઉખાડવાના ચીપિયા આવતા'તા ને, એવું બધું. બહુ મોટું લોખંડનું કારખાનું હતું, એટલે એનું ફેબ્રિકેશન કામ હતું. ત્યારે ફેબ્રિકેશન વર્ક બધા

લેતા'તા. મોટા મોટા કારખાના હતા, એટલે લોખંડ તો પુષ્કળ જોઈએ એમાં, ઘણું જોઈએ. પણ તે દહાડે લોખંડ કેટલું ? ત્રણસો રૂપિયે ભાવ. અને સ્ક્રેપમાં (ભંગારમાં) સવા બસ્સોએ લાવીએ. તે સ્ક્રેપમાંય સારો માલ નીકળે બધો. અમારે ફેબ્રિકેશનમાં સ્ક્રેપનો માલ જોઈએ ને બધો. ત્યારે ત્રણસો રૂપિયાનો ભાવ, અત્યારે તો પાંચ હજાર રૂપિયા ભાવ છે.

**પ્રશ્નકર્તા :** પાંચ હજારથી પંદર હજાર, જેવો માલ.

**દાદાશ્રી :** અરે, અમે આ ૧૯૬૮ની સાલ સુધી હજાર રૂપિયામાં લાવતા'તા. અમારે જયગઢની જેટી બાંધવાની હતી ને, તે ૧૯૬૮ની સાલમાં અહીંથી લઈ જતા'તા હજાર રૂપિયે. અને આટલા વર્ષમાં (૧૯૮૩માં) તો પાંચ હજાર થઈ ગયા !

**પ્રશ્નકર્તા :** એ વખતના ત્રણસો રૂપિયા એટલે એ પણ ઘણા કહેવાય ને ?

**દાદાશ્રી :** ત્રણસો, પણ અમારે બજારમાં વેચાય તો નવસો આવતા'તા.

**પ્રશ્નકર્તા :** એમ કેમ, દાદા ?

**દાદાશ્રી :** કાળોબજાર ! ઈચ્છા નહીં હોવા છતાં કાળોબજાર (અમારા ધંધામાં) પેસી ગયેલો. આ વિચિત્ર કાળમાં ઘડીમાં ધંધા આવે ને કાળાબજારે ચડી જવાય. બધો સંગ તો કંઈ અસર કર્યા વગર રહે જ નહીં ને ! અમારેય કાળાબજાર ચાલ્યા જ કરતા'તા ને, ધંધા મોટા એટલે.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આત્મામાં જાગૃતિ હતી ને, તમારી ?

**દાદાશ્રી :** જાગૃતિ બધી ખરી પણ કાળાબજારની અસરો બધી થયા કરે ને ! સંગ બધો ખરો ને, આનો આ જ.

## ઈચ્છા નહીં છતાંયે થયો કાળોબજાર

**પ્રશ્નકર્તા :** પણ દાદા, તમે એ કાળાબજારના સંગમાં કેવી રીતે ફસાયા, એ કહો ને !

**દાદાશ્રી :** એ તો લોખંડનું કારખાનું અને પેલા ચીપિયા બનાવતા હતા, આ છે તે કપાસની કરાંઠીઓ ખેંચવાના અને એવું તેવું બધું, બીજા હથિયારો (સાધનો) બધા, એગ્રિકલ્ચર ઈન્સ્ટ્રુમેન્ટ્સ. અમે એના કોન્ટ્રાક્ટ લીધેલા. તે સરકાર સસ્તા ભાવનું લોખંડ બધું સપ્લાય કરે ને, તે વધારાનું લોખંડ આવે. તે દહાડે અગિયાર રૂપિયે હંડરવેટ, એટલે બસ્સો ને વીસ રૂપિયે ટન. અને બહાર તેત્રીસ રૂપિયા ભાવ ચાલે. અહીં અમારા ભાગીદારના કન્ટ્રાક્ટના ધંધામાં સરકાર પાઈપ દોઢ આને ફૂટ આપે અને બહાર એક રૂપિયો ભાવ ચાલે.

હવે સરકાર મારી ઓળખાણથી બધું લોખંડ આપે જબરજસ્ત. તે લોખંડ પછી શું કરવું, અહીં બધું વપરાય નહીં. હવે આપણે પૈસામાં ગૂંચાઈ જઈએ. પેલો માલ પુષ્કળ પડી રહ્યો, એટલે પૈસા છૂટા કરવા માટે આપણે કંઈક કરવું જ પડે ને ? એને થોડું વેચવું તો પડે જ ને ? તે પછી આ કાળોબજાર કરાય નહીં, ત્યારે આ મૂળ ભાવે અપાય નહીં. હવે અહીંયા બધી ફસામણ !

તે અમે સિદ્ધાંતવાદી એટલે અમારા પ્રિન્સિપલમાં રહેલા, તે કાળોબજાર બાર મહિના સુધી ના કર્યો.

કાળોબજાર નહીં કરવાની ઈચ્છા. દાનત ચોર નહીં જરાય આવી. પણ કંઈક બુદ્ધિએ માર ખવડાવી દીધો. શી રીતે માર ખવડાવ્યો ? પેલું લોખંડ તો ભેગું થવા માંડ્યું. અને પૈસા આપણી પાસે રકમ જરા વ્યાજે લાવવી પડી. તે મને એક જણે અક્કલ દેખાડી. એક-બે હતા ને, તે દલાલો મારા ઓળખાણવાળા હતા. તે કહે, 'સાહેબ,

આટલો બધો માલ છે, અમને આપતા હોય તો શું ખોટું ?' મેં કહ્યું, 'ભઈ, કાળોબજાર અમારાથી ના થાય.' તે મને કહે છે, 'આટલા બધા લાગણીવાળા માણસ થઈ અને તમે જાતે ધંધો ના કરો પણ અમને તો કરાવડાવો, બળ્યું. અમે તો દુઃખી, અમારું દુઃખ તો મટે. સાહેબ, તમે ભાવ ના લ્યો ને કાળોબજાર ના કરો તેનો વાંધો નહીં, પણ અમારા જેવા ગરીબનું રાગે પડે ને ! મારા જેવાનું પેટિયું ચાલે એવું તો કંઈ કરી આપો.' ત્યારે મેં જાણ્યું, આનું બિચારાનું કામ થતું હોય તો થવા દો. એટલે આ મને લાગણી આવી, દયા થઈ. હવે એ હું ભૂલ ખઈ ગયો ત્યાં આગળ.

એટલે કહે છે, 'કાળાબજારના ભાવ ભલે તેત્રીસ રૂપિયા છે, એ તમે ના લેશો પણ મારા જેવાનું પેટિયું નીકળે એવું તો કંઈ કરી આપો.' ત્યારે મેં કહ્યું, 'પણ તે તને વેચવું પડે ને ?' 'હા, ઓછું લઈને આપો એટલે અમારે પેટિયું નીકળે', કહે. ત્યારે મેં કહ્યું, 'તમને શું ભાવે આપીએ ?' ત્યારે કહે, 'બજારમાં તેત્રીસ રૂપિયા ભાવ ચાલતો હોય તો અમને ઓછા રૂપિયે આપો. એટલે કાળોબજાર કહેવાય નહીં એને.' એટલે મને પેલી સમજણ ના પડી કે આ શું ભૂલ થાય છે આપણી. મેં કહ્યું, 'એમનું દુઃખ મટતું હોય તો ભલે.' તે મેં કહ્યું, 'શું ભાવે અમારાથી વેચાય ?' ત્યારે કહે છે, 'તેત્રીસ ભાવ ચાલે છે અત્યારે હંડરવેટના, તે પાંચ અમારી પાસેથી ઓછા લો.' તો મેં કહ્યું, 'ના, પાંચ નહીં, સાત ઓછા.' પણ મેં શું જાણ્યું, કે એમના મનને સંતોષ થયો એટલે આપણે કાળોબજાર ના કહેવાય.

પછી એની પાસેથી લેનારા માણસને મેં પૂછયું ને, ત્યારે કહે છે, 'પાંત્રીસ રૂપિયા લે છે. તમને તો તેત્રીસે કીધું ને, ત્યાં બજારમાં તેત્રીસ ચાલે ને એણે પાંત્રીસ લીધા મારી પાસેથી.' 'અલ્યા, છવ્વીસમાં આપું છું ને આ પાંત્રીસ લે છે !' એટલે મેં જાણ્યું, આ તો ઊલટા બકરા વધેરવા માંડ્યા. તે કાળોબજાર કરવો નહોતો ને શિખવાડ્યો પેલાએ. હું જાણું કે આ બિચારો કમાઈને ખાય, રોટલા રળી ખાય. પણ પછી તો મેં હિસાબ કાઢેલો કે તે દલાલે પાંત્રીસમાં વેચ્યું. એટલે મેં કહ્યું, 'આ તો ઊલટું ઘરાકને આપણે મુશ્કેલીમાં મૂક્યા. એને સીધું તેત્રીસમાં આપ્યું હોત તો એ કાળોબજાર સારો કહેવાત. આ તો કાળાબજારનો બાપ કર્યો !'

ઈચ્છા નહીં આવું ભેગું કરવાની, પણ લોકોએ શિખવાડ્યો કાળોબજાર. આ અમને મતિ પહોંચેલી નહીં તે વખતે. હું જાણું કે આ દલાલને બિચારાને ખર્ચ નીકળશે, પણ એને ખર્ચ નીકળવાની પાછળ એ આમ પબ્લિકને શું થયું ? એ હું અગિયારના તેત્રીસ લેતો હતો, એ બધો કાળોબજાર. એવા કેટલાક લોકોને લાઈસન્સ હોય છે, બીજું હોય છે, ત્રીજું હોય છે, એ બધાનો દુરુપયોગ, એ બધું કાળોબજાર કહેવાય.

## કાળું નાણું રોમે રોમે કૈડવા માંડ્યું

૧૯૪૨થી ૧૯૪૬ સુધી કાળોબજાર કર્યો. તે મારી પાસે કાળું નાણું બેએક લાખ રૂપિયા આવ્યું હતું તે વખતે, તે અમારા ભાગીદાર ને મારા નામ પર. એટલે મને તો વિચારમાંય નહીં આવું કાળાબજાર કરવું કે આવું કોઈને દુઃખ દેવું કે આવા કોઈ પૈસા ભેગા કરવા, એવી ભાવના નહીં. છતાં આવી ગયું, તે પછી જોઈ લો, પરિણામ એના. સારા મા-બાપનો છોકરો હોય ને ચોરી કરી લાવે તો એને ઊંઘ કેટલા દહાડા આવે ?

**પ્રશ્નકર્તા :** ન આવે.

**દાદાશ્રી :** ખૂંચ્યા કરે ને ! એ તો મને રોમે રોમે કૈડવા માંડ્યું. એટલે મેં અમારા ભાગીદારને

કહ્યું, 'આ તમારી પાસે ને મારી પાસે આ (કાળાબજારની) મૂડી છે, એ જતી રહે વહેલામાં વહેલી તકે, આ નાણું ઠેકાણે પડી જાય તો નિરાંત થાય.' ત્યારે કહે, 'આવું કેમ બોલો છો ?' ત્યારે મેં કહ્યું, 'ના, ત્યારે પાછું રાખીને શું કરવું છે ? એ જાય તો સારું અહીંથી, કાળું નાણું.'

'હે ભગવાન, આ નાણું અહીંથી જાવ હવે !' જ્યારે હતું ત્યારે નક્કી કરેલું. પછી રોમે રોમે કૈડવા માંડ્યું, રાતેય કૈડે. કેટલાક ફેરે મને ઊંઘેય નથી આવી. આની બાધા રાખેલી કે આ જાય તો સારું, વહેલા જાય તો સારું. મારે ઘેર શાંતિ હતી તેને બદલે આ ઉપાધિ આવી પાછી ! મારે બાર મહિને પાંચસો-સાતસો રૂપિયા વધે, હજાર વધે, એટલો મારો કોન્ટ્રાક્ટનો ધંધો ચાલ્યા કરે અને ખર્ચ નીકળે. સારી રીતે જાહોજલાલીથી ખર્ચ નીકળે, પછી બીજું શું જોઈએ આપણને ? તેને બદલે આ તોફાન ક્યાં આવી પેઠું ? સુંવાળા માણસ, તે રાત-દહાડો ઊંઘ ના આવે.

તે આવા કર્મ કરેલા નહીં અને પછી કરતા થઈ ગયા. કારણ લમણે લખેલા, તે છૂટકો ના થયો. પણ મને આ પૈસા દુઃખદાયી લાગેલા ઠેઠ સુધી, આખી જિંદગી સુધી. મૂળ બહુ દુઃખ થયા કરે કે આ ખોટું નાણું આવી રહ્યું છે. નથી જોઈતું એ નાણું આવી રહ્યું છે.

## કાળા નાણાથી આપણું તેલ નીકળશે

તે સારું થયું, કે ખોટું નાણું ઊભું ના રહ્યું. મને તો સાચુંય નાણું ગમતું નહોતું. નાણાને શું કરવું ? કંઈ જોડે લઈ જવાનું છે ? વગર વાંકની પીડા એ બધી ! દરિયો ઊંચો ચઢે ત્યારે મુંબઈમાં દસ ફૂટ ચઢે ને ખંભાતમાં બાવીસ ફૂટ ચઢે. તે ખુશ થવા જેવું નહીં, બાવીસ ફૂટ ઊતરેય પાછું.

**પ્રશ્નકર્તા :** હા, ઊતરે જ તે.

**દાદાશ્રી :** અહીં તો દસ જ ફૂટ ઊતરે. એટલે ખુશ થવા જેવું નથી બધું. ચઢ-ઊતર, ચઢ-ઊતર સરખી, ઈક્વલ ને ઑપોઝિટ (વિરુદ્ધ દિશામાં) હોય. કેવું હોય ?

**પ્રશ્નકર્તા :** ઑપોઝિટ હોય.

**દાદાશ્રી :** સારા રસ્તે વપરાયું એટલું આપણું, બીજું બધું પારકું.

આ કાળું નાણું કેવું કહેવાય એ સમજાવું. આ રેલ(પૂર)નું પાણી આપણા ઘરમાં પેસી જાય તો આપણને ખુશી થાય કે ઘેર બેઠા પાણી આવ્યું. એટલે નહાવા-ધોવાની મજા થઈ ગઈ હમણે. ઘેર બેઠા પાણી, કૂવેથી લાવવાનુંય બંધ થઈ ગયું ! રેલનું પાણી મફતમાં પેસી ગયું એટલે રહેવાનું મેડે ને નીચે આવીને વાસણો ધોઈ નાખવાના બધા. પણ આ તો પાણી ચાર દહાડા ટકી ને કાદવ મૂકીને જશે ! છેવટે શું મૂકે ?

**પ્રશ્નકર્તા :** કાદવ મૂકી જાય.

**દાદાશ્રી :** ઘરમાં બધો નર્યો કાદવ આટલો આટલો ચોંટી જાય. એટલે પછી ધોવા માટે નવું પાણી લાવવું પડશે ને આપણું તેલ નીકળશે. માટે ચેતી જાઓ.

**પ્રશ્નકર્તા :** હા, એ ખરી વાત છે, દાદા.

## એકાવનથી ચોરી બંધ, અઠ્ઠાવનમાં જ્ઞાન

**પ્રશ્નકર્તા :** આ કોન્ટ્રાક્ટનો આપનો જે ધંધો હતો જ્ઞાન થયા પહેલા, તો થોડું કંઈક આમતેમ ગરબડ કરવી પડે, ઊંધું-છતું કરવું પડે. અને જ્ઞાન થયા પછી આવું કંઈ ઊંધું-છતું કરવાનું થાય, ત્યારે તમને મહીં અંદર છે તો કૉન્શિયસ બાઈટ કરે ?

**દાદાશ્રી :** ના, જ્ઞાન થતા પહેલા સાત વરસ પહેલા ખોટું બંધ કરી દીધેલું. ૧૯૫૧માં ખોટું બધું બંધ કરી દીધેલું અને ૧૯૫૮માં જ્ઞાન થયું.

હું પાત્રેય નહોતો લાગતો. મને આવડું મોટું થશે એવી મને પાત્રતાય નહોતી લાગતી. કન્ટ્રાક્ટનો નાગો ધંધો, સિમેન્ટની ચોરીઓ કરે, શી રીતે પાત્ર થાય એવું ? પણ આ કુદરતી રીતે જ્ઞાન થઈ ગયું. ૧૯૫૧માં ચોરીઓ બંધ કરી સિમેન્ટ-બિમેન્ટની બધી. તે પહેલા તો સિમેન્ટ કાઢી લઈએ, લોખંડ કાઢી લેતા. ચોર જ આ તો, એમ જ કહો ને ! પેલા ચોરને બધા લોક કહે કે 'ચોર છે.' આપણને આપણું મન કહે કે 'ચોર છે.' બધું જગત ચોરીઓ જ કરી રહ્યું છે. નરી ચોરી જ કરેલી છે. જો ચોરી ના કરે તો પોતે પરમાત્મા છે ! આ ઊંધે રસ્તે ચાલ્યા તેનો તો આ માર પડે છે.

## જાતે પકડાય એવી ચોરીઓ

ધંધામાં શરૂઆતના વર્ષોમાં ચોરીઓ કરેલી. હવે અમારી ચોરીઓ તો પોલીસવાળો પકડે એવી ના હોય. એ કોઈ પકડે એવી ના હોય. અમે જાતે પકડીએ તો પકડાય એ, એવી અમારી ચોરીઓ. એટલે સિમેન્ટ કાઢી લઈએ પેલા સરકારના કામમાંથી, ઓછું નાખીએ પ્રમાણમાં. સરકારે સોળ આની કહી હોય તો અમે નાખીએ ચૌદ આની જ, અગર બાર આની. તે એમાં પેલો સાહેબ દેખે, કહે છે, 'એમાંથી એક આની મને આપવી પડશે.' 'સારું, તને આપી દઈએ.' સોદાબાજી ! આવી ચોરીઓ કરેલી. એટલે બીજા છે તે દસ આની સિમેન્ટ નાખતા હતા, તો હું બહુ નોબલ હોઉ તો બાર આની નાખતો'તો. પણ ચાર આની તો કાઢી જ લેતો હતો ને ! ચોરી કરતા, ધોળે દહાડે.

તો આટલો બધો ધર્મ કરવા છતાંય, કૃપાળુદેવના પુસ્તકોનું અધ્યયન કર્યા કરતા હતા તોય ચોરીઓ ના ગઈ. એટલે મને સમજાયું કે ધર્મ કંઈ બીજી જગ્યાએ જ છે, આમાં ધર્મ નથી. આ તો અવલંબન છે એક જાતનું. ધર્મ બીજો જ હોવો જોઈએ, આવો ના હોય. ચોરીઓ-બોરીઓ બધુંય રહે ? પછી અહંકારે કરીને અમે ચોરી બંધ કરી, ૧૯૫૧માં. ત્યારથી અમારી ઢબ આ તરફ વળી, બાકી ચોરીઓ કરી કરીને દમ નીકળી ગયો.

પહેલા હું એમ સમજતો'તો કે આ ચોરી ના કહેવાય. સરકારની ચોરીઓમાં ચોર કોણ ? એનો કોણ માલિક છે ? કોઈ એક માલિક નથી, બધા માલિક છે. જવાહરેય (નેહરુય) નથી માલિક ને ગાંધીએય નથી ને કોઈ નથી. આ તો બધી પોલી છે વાત ! અને પાછો શિખવાડતો લોકોને આ ચોરી કરવાનું ! લોકો કહે, 'આ સરકારનું કાઢી લેવાય ?' ત્યારે મેં કહ્યું, 'ભઈ જો, સરકાર એટલે કોણ ? કોઈ એનો એ માણસ, વ્યક્તિગત નથી એ વસ્તુ. એટલે આકાશ. તે આકાશમાં તીર મારીએ તો કોની હિંસા થાય ?' આવું કહીને મોટું અવલંબન લીધેલું !

## મહીંના ભડકાટથી સમજાણી ભૂલ

પછી મને સમજાયું, 'આ તો હું મારી જાતની ચોરી કરી રહ્યો છું, એમની નથી કરી રહ્યો. મારી જાતને છેતરી રહ્યો છું.' કારણ કે સાહેબ આવે ને, તો મહીં ભડકાટ થયા કરે. અરે મૂઆ, સાહેબ આવે તો તને શું કરવા ભડકાટ થાય ? આપણે ચોરી કરીએ છીએ એવું આપણને જ ખબર છે. એ ખબર ના રહેવી જોઈએ. પોતાનું ભાન છે ને !

૧૯૫૧ પહેલા જે ચોરીઓ કરેલી, એના માટે હૂ ઈઝ રિસ્પૉન્સિબલ (કોણ જવાબદાર છે) ? ચોરી કરી નહીં, પાછી શિખવાડેલી હઉ ! તમારા જેવા આવે, કે 'મારે મહીં આમ કશું કમાવાય એવો રસ્તો નથી, કંઈક રસ્તો દેખાડો ને !' તો હું કહું કે 'આટલી સિમેન્ટની થેલીઓ કાઢી લેજે, ધીમે રહીને.' અક્કલવાળો એટલો બધો તે બીજાને રસ્તો દેખાડી આપે, રસ્તો કાઢી આપે. બોલો હવે, આવા ધંધા કર્યા ! શું બાકી રાખ્યું હશે ? અક્કલના ઓથમીર ! આ માન આપ્યું ને, તે બધું આપી દે.

## સિમેન્ટ તે લોહી, સળિયા તે હાડકાં

**પ્રશ્નકર્તા :** દાદા, તમારે આ ચોરીની શરૂઆત કેવી રીતે થઈ હતી ?

**દાદાશ્રી :** લોકોનું જોઈને શીખ્યા ઊંધે રસ્તે. સારો ધંધો કોન્ટ્રાક્ટનો, ખાનદાનવાળો ધંધો, તે મહીં અડધા લોકો બીજા હલકી નાતના પેસી ગયા ને, તે હરીફાઈમાં પડવું પડ્યું. અને હરીફાઈમાં એટલે ચોર ચોરી કરે તો જ એનો દહાડો પૂરો થાય. એટલે સિમેન્ટ ઓછો નાખીએ. શું ઓછો નાખીએ ?

**પ્રશ્નકર્તા :** સિમેન્ટ ઓછો નાખે.

**દાદાશ્રી :** આ જેમ મનુષ્યને ખોરાક ખવડાવે છે ને, તેમાં બીજું જે ચરબીવાળો ખોરાક બધો, તે આમ ફેરફાર કરી નાખે છે ને ? હેરફેર કરે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, હેરફેર કરી નાખે છે. એના જેવું આમાં.

**દાદાશ્રી :** એવી રીતે આમાંય છે તે મહીં સિમેન્ટ કાઢી લઈએ ને, પછી મકાન મજબૂત કેટલું થાય ? એ સિમેન્ટ બ્લડ (લોહી) કહેવાય અને સળિયા કાઢી લેવા, એ સ્કેલેટન (હાડકાં) છે. એટલે સળિયા ને સિમેન્ટ, એ બે કાઢવાનું બંધ. આફત બંધ કરી દીધી, નાઈન્ટીન ફિફ્ટી વનથી (૧૯૫૧થી) બંધ. ત્યાર પછી શાંતિ થઈ ! મને મહીં બહુ ડંખ્યા કરે કે બળ્યું, આ મકાનમાંથી સિમેન્ટ કાઢી લેવો એ માણસમાંથી બ્લડ અને માંસ કાઢી લીધા બરોબર છે.

આમાંથી સિમેન્ટ કાઢી લઈએ ને, તો પછી ભીંતોને તોડવી હોય તો વાર ના લાગે. ઈંટો આખી નીકળે, કાઢે તો. એ સિમેન્ટ એટલે આ શરીરમાંથી લોહી ખેંચી લેવું એના જેવી વસ્તુ છે. આ શરીરમાંથી કોઈ બ્લડ કાઢી લે, શું રહે બિચારાનું ? તે સિમેન્ટ મકાનનું બ્લડ છે અને લોખંડ એ સ્કેલેટન છે બધા, હાડકાં છે. એ જ કાઢી લે, તો બોલો, એ મકાનો પછી કેવા રહે તે ?

એટલે પછી મેં કન્ટ્રાક્ટરોને ભેગા કરીને કહ્યું, કે ભઈ, સિમેન્ટ એ બ્લડ છે આ મકાનનું, અને આ લોખંડ એ સ્કેલેટન છે, માટે કોઈ કાઢશો નહીં. તે ત્યારથી એ લોક પાંસરા થવા માંડ્યા. હા, દસ ટકા ભાવ વધારે ભરો, વાંધો શો છે ? અમલદારો ક્યાં એમ કહે છે કે તમે ઓછે ભાવે આપો. એવું નથી, એ અમલદારોએ એવું કશું કહ્યું નથી. કન્ટ્રાક્ટરો જ વાંકા છે.

અમે બહુ ચોરીઓ કરી. નરી સિમેન્ટ જ ચોર-ચોર કરી. લોહી ચૂસ્યું સરકારનું અને મનમાં શું માન્યું ? સરકારની ચોરી એ કંઈ વ્યક્તિગત છે ? એવું મનમાં માનીને એમ જાણ્યું કે આ ચોરી ના કહેવાય. અલ્યા મૂઆ, પણ આ મકાનનું શું થાય ? મકાનમાંથી લોહી (સિમેન્ટ) કાઢી લીધું અને પડી જાય ત્યારે શું થાય ? કેટલા માણસ મરી જાય ?

**પ્રશ્નકર્તા :** દબાઈ જાય.

**દાદાશ્રી :** અને આપણી દાનત ચોર છે, એ તો ના સમજીએ ? દાનત ચોર થઈ, એ જ ચોર કહેવાય.

## ભૂખે મરીશું પણ ચોરી બંધ

અમારા ભાગીદારને મેં કહ્યું, 'આપણે આ ચોરી કરવાનું બંધ કરી દો. તમને ના પોસાય તો મારે હવે સ્વતંત્ર કરવું છે, મારે જુદું થવું છે. હવે ચોરી નહીં કરવાની. ચોરી કોઈ ચીજની નહીં.' ત્યારે કહે, 'બંધ કરીશું તો શી રીતે આ બધાની હરીફમાં ઊભું રહેવાશે ?' મેં કહ્યું, 'તો મને છૂટો કરી નાખો. આપણે બે છૂટા થઈ જઈએ.' ત્યારે

કહે, 'ના, તમને છોડું નહીં. એ હું હઉ એવું કરીશ, મારેય અધોગતિમાં નથી જવું. અને તમારી ભાગીદારી વગર મારે ચાલે નહીં.' તો મેં કહ્યું, 'ચોરી કરવાની નહીં.' તો કહે, 'હા, બંધ કરી દઈએ.' એમને (મારા વગર) ચાલે એવું નહોતું, એટલે મને કહે છે, 'સારું, બંધ કરી દઈશું.' તે ત્યારથી સાચું કાઢ્યું (કરવા માંડ્યું) ૧૯૫૧ની સાલથી, ત્યારે પાંસરું થઈ રાગે પડ્યું. ત્યારથી નક્કી કરેલું કે ભૂખ્યા મરી જઈશું પણ આ ના હોય. અને મને બહુ ફાવતું નહીં. આ સરકારમાં (સરકારી કામમાં) સિમેન્ટ-બિમેન્ટ કાઢી લીધો ને, તે ઘડીએય મને મહીં ગભરામણ થાય. બળ્યું, આવો આ આપણે ધંધો આવ્યો ! ના ફાવે, બળ્યું ! અને તે પછી રહ્યુંય નહીં નાણું.

## ચોરીઓ બંધ કર્યા પછી વર્તી શાતા

અમે આ ચોરીઓ બંધ કરી, ત્યાર પછી વિચારો જરા સારા આવ્યા, ફેરફાર થયો. નહીં તો પુસ્તકો વાંચ્યા, પણ કશું દહાડો વળ્યો નહીં. તે પછી ચોરીઓ ગયા પછી સારું રહ્યું, ઠંડકવાળું ! અને ૧૯૫૧માં ચોરી બંધ કરી ત્યારે ૧૯૫૮માં આ જ્ઞાન પ્રગટ થયું, નહીં તો રખડી મરત.

ખોટું બંધ કરી દીધું પછી તો ધંધો જ એવો આવે છે કે કામ જ બહુ કરવું ના પડે. ઓછી મહેનતે પૈસા બહુ કમાયો, ત્યાર પછી એ એવું ઉત્પન્ન થયું. કારણ કે કાયદો એવો છે કે તારે રૂપિયા તો આટલા જ (આવવાના છે), મૂઆ. અને જો વધારે લઈશ ને, તો એ લીકેજવાળું, એ તારી પાસે હશે તેમાંથી નીકળી જશે. પણ તારે શાતા ભોગવટો નહીં ઉત્પન્ન થાય (તું ભોગવી નહીં શકે).

ભગવાને શું કહ્યું છે ? શાસ્ત્રમાં કોઈ જગ્યાએ લક્ષ્મી વિશે લખ્યું છે ? શાથી ? ત્યારે લક્ષ્મી વગર ચાલે છે કંઈ ? ત્યારે કહે, લક્ષ્મી વગર ચાલતું નથી. પણ શાસ્ત્રમાં કેમ વાત ના લખી ? ત્યારે કહે, શાસ્ત્રમાં તો વેદનીય લખી. શું લખ્યું ? વેદનીય, કે ભઈને શાતા વેદનીય છે કે અશાતા વેદનીય છે ? એટલું જ પૂછવામાં આવે છે. ત્યારે મારે ૧૯૫૧ પછી શાતા વેદનીય વર્તતી હતી. કારણ કે જ્યાં સુધી નૈતિક ધોરણ ના હોય, ત્યાં સુધી શાતા વેદનીય ના હોય. તમારા નૈતિક ધોરણ માટે હું દબાણ ના કરી શકું.

પછી કાળોબજારેય બંધ કર્યો અને ચોરીય બંધ કરી. પછી સાચી રીતે જીવન જીવ્યા, ૧૯૫૧ પછી. તે આજે લક્ષ્મીજી મહેર કરે છે. નીતિના રોડ ઉપર, નીતિના ફાઉન્ડેશન ઉપર બાંધેલા મિનારા કંઈ પડી જતા હશે ?

પહેલા અમારે બે-ત્રણ વર્ષ સુધી અડચણ આવી, પછી તો એની મેળે જ કામ એવું આવે ને, પછી તો આપણી ક્રેડિટ વધી જાય ને બધી. પછી અમારે કામ માટે કોઈ દહાડો ટેન્ડર ભરવા જવું નથી પડતું. ઘેર બેઠા આમ ખબર આપે. તરત જ આ બધા સાહેબો ખબર આપી જાય, ઘેર આવીને કહી જાય. કારણ કે એમની મુશ્કેલીમાં ઊભા રહીએ ને અમે, એટલે એમને મનમાં પોતા જેવું લાગે ને ! એટલે અમારે બીજું કશું કામ જ નથી કરવું પડતું. નહિતર સત્સંગ શી રીતે ચાલે ? આ મોટો ધંધો દસ-દસ, બાર-બાર લાખ રૂપિયાનો ધંધો ચાલતો હોય, પણ જરા વિચારેય નહીં, કામનો વિચારેય નહીં.

## કાળાબજારનું નાણું ઘરે નથી પેસવા દીધું

અમે ૧૯૫૧ પછી તો બહુ ધ્યાન રાખ્યું કે સરકારનો સિમેન્ટ ચોરવો નહીં. કશું ખોટું-અવળું ના વપરાય. છતાંય એ પહેલા અમારે કેટલીયે વખત ખોટે માર્ગે પેસી ગયેલું. આ તો ના ઈચ્છા છતાં એ પેસી જાય. છતાં અમે ઘેર જરાયે અણહક્કનું અવળું એ બધું પેસવા નથી દીધું. અમારી પોતાની

ચોખ્ખી કમાણી જ ઘેર પેસવા દીધી છે. આ તો ભાન નથી, તે અણસમજણથી સરકારના સિમેન્ટની અવળી-હવળી ચોરી કરે છે. આ તો આ બાજુ પુણ્યૈથી કમાય પણ બીજો કચરો માલ ના ઈચ્છા હોય તોય પેસી જાય. તે પછી ટૅક્સવાળા ખેંચી જાય.

એટલે આવું છે ! કંઈ દાદાના નામથી ધંધો કરજો. દાદાએ કહ્યું છે ને દાદાની આજ્ઞા છે કે ચોરી ના કરવી. ચોરી કરેલું અંતે ફસાઈ જશો તે મિલકતેય જશે. અને ધનનો સ્વભાવ કેવો છે એ કહી દઉં તમને ? આ ગમે તેનું ધન અગિયાર વર્ષે નાશ પામે. કેવું ? અગિયારમે વર્ષે તો નાશ પામવું જ જોઈએ. એટલે અત્યારે (૧૯૭૪માં) છે તે તમારી પાસે ૧૯૬૩નું ધન હોય નહીં. ૧૯૬૪-૧૯૬૫-૧૯૬૬નું હોય, એ ધન ખરું. ૧૯૬૩નું હોય નહીં. એટલે એક દસકો ના ચાલે તો શી દશા થાય ? ભઈ, ખાલી થઈ જાય. માટે ઓછું ખાજો, ઓછા કપડાં પહેરજો. (કરકસર રાખજો.) ધીરજ રાખજો.

## ટૅક્સની ચોરી એ પબ્લિકની ચોરી

**પ્રશ્નકર્તા :** ધંધામાં જે ચોરી કરે એનું શું કરવાનું ?

**દાદાશ્રી :** એ બધી ચોરીઓ અમે તો બહુ કરેલી બળી ! પણ માફી માગી લેવાની.

**પ્રશ્નકર્તા :** અત્યારના ધંધા ચાલતા હોય...

**દાદાશ્રી :** આપણે સંભારી સંભારી, યાદ કરીને માફી માગી લેવાની. માફી માગવાથી આપણું કર્મ તો ઊડી ના જાય પણ અહીં આગળ છે તે ઘોડાગાંઠ પડી ગયેલી હોય, તે આમ માફી માગવાથી સાવ ઢીલી થઈ જાય. આમ આવતે ભવ હાથ અડાડીએ, તે પડી જાય. એટલે ખાસ બહુ પજવે નહીં પછી.

માફી માગીએ એટલે ચૌદ આની નાશ થાય છે, બે આની બાકી રહે છે. એટલો નાશ તો કરવો જ જોઈએ ને, આપણાથી થયેલ ગુનો ? અને થઈ જાય છે પણ તે અજાણથી થઈ જાય છે, જાણીને નથી થતો.

**પ્રશ્નકર્તા :** દાદા, મેં ઈન્કમટૅક્સની ચોરી કરી છે, બાકી કોઈ ચોરી નથી કરી.

**દાદાશ્રી :** ઈન્કમટૅક્સની ચોરી કરવી એય ગુનો છે. કારણ કે એ ટૅક્સ આ ગવર્મેન્ટને જાય છે. તેને લીધે આ તમારું સચવાય છે. કુદરત શું કહે છે, કે તું ચોરીઓ કરીશ, ત્યારે હું ચોરી કરીશ. નહીં તો તારા નવ હજાર તને મળવાના છે મહીં બાર મહિને, તે નવ મળશે. તે નવના નવ જ આવવાના છે. ન્યાયી બનતા એક-બે વર્ષ જરા મુશ્કેલી પડે, પણ પછી પેઢી ફર્સ્ટ ક્લાસ ચાલ્યા કરે. તું કરજે ને મારા નામ પર, દાદા કહે છે એમ. એટલે ન્યાયથી, નીતિથી ધંધો કરવાનો. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ન્યાયથી ને નીતિથી ધંધો કરવો.

**દાદાશ્રી :** સામો અનીતિ કરે તોય આપણે નીતિ નહીં છોડવાની. આ મેંય ચોરીઓ કરતા કરતા ૧૯૫૧માં બંધ કરી'તી. હું તો જન્મથી જ્ઞાની પુરુષ જેવો હતો, તો પણ આ ચોરીઓમાં ફસાયો ને ! પછી પસ્તાવા કરી કરીને દમ નીકળી ગયો, ૧૯૫૧થી અત્યાર સુધી. ત્રીસ-પાંત્રીસ વર્ષ પસ્તાવા કર્યા.

પહેલા સરકાર ના પકડે એવી ચોરીઓ કરતા. એ આપણે છોડી દીધી કે સરકારમાં પકડાઈ જશે, આબરૂ જશે અને બીજી તમામ પ્રકારની બધી ચોરીઓ માથે લીધી આ લોકોએ.

અમે તો ક્યારેય ઈન્કમટૅક્સની ચોરી ના કરીએ. છતાં મને કોઈક વખત વિચાર આવે કે આમ કરીએ તો ઓછો ટૅક્સ ભરવો પડે !

એટલે આવો વિચાર તે પણ ખોટું જ છે. આવો વિચાર સરખોય ના આવવો જોઈએ. મેં અમારા ભાગીદારને કહ્યું છે, કે 'સાથે લઈ જવાનું હોય તેટલું જ કહેજે, બીજું બધું તો અહીંયા જ પડી રહેવાનું છે.'

## પ્રતિક્રમણથી ચોખ્ખું કરવું

**પ્રશ્નકર્તા :** દાદા, ટૅક્સની ચોરી એ કાળું કહેવાય ?

**દાદાશ્રી :** પબ્લિકનો ખોટો લાભ ઉઠાવ્યો, એ કાળું નાણું કહેવાય.

આપણે બધાએ નક્કી કર્યું, કે ભઈ, આ રીતે પૈસા ભેગા કરો અને આ રીતે બધું તંત્ર ચલાવો, પછી આ રસ્તે દેશનું રક્ષણ કરો બધું. એટલે એ માળખામાં આપણે જુદું કર્યું. બધા આવું કરે તો શું થાય ? ત્યારે પરિણામ ખબર પડે ને !

**પ્રશ્નકર્તા :** બરાબર છે, પણ હું એમ કહું છું કે બધા ખોટું કરે તો પછી આપણે એક એમાં સાચું કરીએ તો શું મતલબ ?

**દાદાશ્રી :** ના, પણ જેટલું કરે એટલું એને ભોગવવું પડે. આપણો આત્મા જ કહેતો હોય ને, કે આ ખોટું કર્યું છે !

**પ્રશ્નકર્તા :** ખોટું કર્યું છે એ બરોબર છે, પણ આત્મા ન કહેતો હોય તો શું ?

**દાદાશ્રી :** આત્મા તો તમે જડ જેવો બનાવો તો એવો બની જાય.

**પ્રશ્નકર્તા :** ના, ના, હું એટલા માટે પૂછું છું કે ઘણા લોકો બેફિકરથી કરે છે.

**દાદાશ્રી :** બેફિકરથી હોય તો પણ એને ઓળંગીએ ને, એટલે ફરી બોલતો બંધ થઈ જાય, અવાજ આવતો બંધ થઈ જાય. એટલે (અવાજ) બંધ થયેલો હોય તેને શું કહીએ, કે 'પહેલા થોડા દહાડા પ્રતિક્રમણ કર. એટલે ઉઘાડો-ખુલ્લો થશે પાછો. આવું બંધ કરવા માટે જે કાર્ય કર્યું તે એના વિરુદ્ધ કાર્ય કર.'

**પ્રશ્નકર્તા :** પણ દાદા, અત્યારે ટૅક્સ એટલા બધા છે કે ચોરી કર્યા વગર મોટા મોટા ધંધાનું સમતોલન થાય નહીં. બધા લાંચ માંગે તો એના માટે ચોરી તો કરવી જ પડે ને ?

**દાદાશ્રી :** ચોરી કરો પણ તમને પસ્તાવો થાય છે કે નહીં ? પસ્તાવો થાય તોય એ હળવું થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તો પછી આ સંજોગોમાં શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** આપણે જાણીએ કે આ ખોટું થાય છે, ત્યાં આપણે હાર્ટિલી પસ્તાવો કરવો. એની બળતરા થવી જોઈએ તો જ છૂટાય. અત્યારે કંઈ કાળાબજારનો માલ લાવ્યા, તે પછી કાળાબજારમાં વેચવો પડે જ. તો ચંદુભાઈને કહેવાનું, કે 'પ્રતિક્રમણ કરો.' હા, પહેલા પ્રતિક્રમણ કરતા ન હતા, તેથી કર્મના તળાવડાં બધા ભર્યા. હવે આ પ્રતિક્રમણ કર્યું, એટલે ચોખ્ખું કરી નાખવું. લોભ કોના નિમિત્તે થાય છે ? લોખંડ કાળાબજારમાં વેચ્યું તો આપણે ચંદુભાઈને કહેવું, ''ચંદુભાઈ, વેચો તેનો વાંધો નહીં, એ 'વ્યવસ્થિત'ના આધીન છે, પણ હવે તેનું પ્રતિક્રમણ કરી લો.'' અને કહીએ કે 'ફરી આવું ના થાય.'

## પસ્તાવા-પ્રતિક્રમણથી છૂટયા

આ ચોરી કરી ને, તે કંઈ ભગવાનને ફળ આપવા નહીં આવવું પડે. અને તે પશુયોનિ માટે તૈયારી, તે રિઝર્વેશન તૈયાર છે ત્યાં જવાનું. એ ભેળસેળ કરો કે અણહક્કનું પડાવી લો, અણહક્કનું ભોગવો, ચોરીઓ કરો, લુચ્ચાઈ કરો, બધું આ ત્યાં

આગળ જવાનું છે તે રિઝર્વેશન છે. ચાર પગ ને એક પૂંછડું ! તે છોડશે નહીં, માટે હજુ ચેતજો. હજુ હું તમને વિનંતી કરું છું, ચેતજો બધા. હજુ અમારો શબ્દ સાંભળજો, ચેતજો.

અણહક્કનું લેવાય નહીં. લીધું હોય તો પસ્તાવો કરવો અત્યાર સુધીનો. પસ્તાવાથી બધું જતું રહે. પણ જ્યારથી જાણ્યું અને પસ્તાવો ચાલુ થાય ત્યારથી આપણે છૂટ્યા. પણ પસ્તાવો જ ના થાય એને દુકાન ચાલુ જ રહે.

અમે એ બધા પ્રતિક્રમણ કર્યા ત્યાર પછી આ જ્ઞાન પ્રગટ થયું, નહીં તો ના થાય. લોખંડ કાઢી લીધું, ફલાણું કાઢી લીધું. અણસમજણમાં શું ના કરે માણસ ? અણસમજણમાં શું કરે ? એ એમ જ જાણે કે આ મારું હિત કરી રહ્યો છું. અલ્યા મૂઆ, હિત તું કરી રહ્યો છું કે કોણ કરે છે, તેનું ભાન નથી.

### હક્કનું હશે તો દાદાની ગૅરન્ટી

એટલે તમારી દાનત ક્યારેય ના બગાડશો ને અણહક્કનું ક્યારેય ના લેશો. અણહક્કનો પૈસો ના પડાવી લેવાય. આ મુંબઈ શહેરમાં લોકો ભેળસેળ કરતા નથી ને ?

**પ્રશ્નકર્તા :** વેપારીઓ કરે તો છે.

**દાદાશ્રી :** તે કોઈ ઓળખાણવાળો હોય તેને ચેતવજે કે 'આ ભેળસેળ કરો છો, તે છે તે તમારે બે પગને બદલે ચાર પગ જોઈતા હોય ને પાછું પૂંછડું વધારાનું ઈનામમાં જોઈતું હોય તો કરો અને ના જોઈતું હોય તોય તમારી મરજી. ના જોઈએ તો છોડી દો આ બધું તમે, અમારા દાદાએ કહ્યું છે. ભૂખે નહીં મરી જાઓ, એની દાદા ગૅરન્ટી આપે છે.'

ભૂખે નહીં મરો, એની અમે ગૅરન્ટી આપીએ છીએ. અમે બૉન્ડ હઉ લખી આપીએ. કંઈક સમજવું તો જોઈએ ને ? આપણે કયા દેશના છીએ ?

**પ્રશ્નકર્તા :** ભારત દેશના.

**દાદાશ્રી :** ભારત દેશના આપણે. તે આપણી 'ક્વૉલિટી' (ગુણવત્તા) કઈ છે ? આર્યપ્રજા !

### અજાગૃતિથી, ચોરી કર્યાનોય ખ્યાલ નથી

તમે કોઈ દહાડો ચોરી-બોરી કરેલી ?

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** કોઈ દહાડો નહીં ? કોઈ કહે જ નહીં ને ! જાણતા જ નથી એ બિચારા ! બધી જ ચોરીઓ કરેલી. આ લોકો તો કેમ ચોરી નથી કરતા, તે જાણો છો ? આ સંડાસ જવાના લોટા જો તાંબાના હોય ને, તોય લઈ જાય પાડોશીઓ. પણ આ ગેટ છે ને, ઠેર ઠેર ગેટ મૂક્યા છે ને, એ ગેટને લઈને...

**પ્રશ્નકર્તા :** એ પોલીસ ગેટને લીધે સચવાય છે.

**દાદાશ્રી :** નહીં તો આ તો લૂંટાઈ જાય બધું ! ત્યાં સુધી હલ્લો કર્યો છે લોકોએ ! આ ભાઈ કહે ને, 'મેં તો ચોરી નથી કરી', પણ એ શી રીતે કહે ? ખ્યાલ જ ના હોય ને, શેને ચોરી કહેવાય એ ? મને તો બધું દેખાય ને, તરત જ. આ ચોરી ને આ સાચું.

**પ્રશ્નકર્તા :** નહીં દાદા, ચોરી થઈ જાય પણ ખબર જ નથી પડી કે આ ચોરી થઈ છે એમ. આ ચોરી થઈ છે, એવો ખ્યાલ જ નથી આવ્યો એટલે.

**દાદાશ્રી :** ના આવે, આવે શી રીતે ?

### દાદા સિવાય કોણ ખુલ્લું કરે ?

અમેય કન્ટ્રાક્ટના ધંધામાં ચોરીઓ કરી,

લુચ્ચાઈઓ કરી, બધું જ કર્યું. શું નહીં કર્યું હોય ? સાચી વાત કહું છું. તમે મારા ઘેરે બાંકડો દેખો ને, હું જે બાંકડા ઉપર બેસું છું ને, તે લોકોને કહું, કે 'ભઈ, આ બાંકડોય ચોરી લાવ્યો છું. આ ચોરીનો માલ જુઓ, આ મને હજુયે પ્રત્યક્ષ છે.' એની ઉપર બેસું ત્યારે સારું નીકળે છે, એવું આ બધા કહે છે.

એટલે મારા ઘેર આવે ને, ત્યાં મામાની પોળમાં, તે ઘડીએ બધા ઉપદેશ સાંભળવા બેઠા હોય ને, તેમને કહું કે 'ભઈ, આ બાંકડો છે ને, તે હું ચોરીને લાવેલો છું.' ત્યારે કહે, 'આ શું બોલો છો ? આવું ના બોલાય.' મેં કહ્યું, 'ભઈ, હું સાચું કહું છું.' ત્યારે મને કહે છે, 'આવું કેમ બોલાય ? ના બોલશો, દાદા. આ તમે શું બોલો છો ?' પણ ત્યારે હું ના બોલું તો કોણ બોલશે ? બોલે એવો તેડી લાવજો હિન્દુસ્તાનમાં, કે મેં ચોરીઓ કરી હતી. કોણ બોલે ? કહે છે, 'તમે ના બોલશો, ના બોલશો.' કોણ બોલે પછી ? કહે છે, 'તમે આવું કરો ?' મેં કહ્યું, 'અલ્યા ભઈ, કર્યું ત્યારે તો હું કહું છું તને, એમ ને એમ મારે કહેવાનો શું ફાયદો ? જે હકીકત બની છે તે હું તમને કહું છું.'

બધા કહે છે, 'એવું હોય નહીં, દાદા આવું શું કરવા કહો છો બધું ? અમને ખરાબ લાગે છે આ.' મેં કહ્યું, 'તમને ખરાબ લાગે, પણ હું ચોરીનો લાવેલો. ચોરી કરેલો જ છે ને આ બાંકડો ! હું જાણું ને, તમે કંઈ જાણો છો ?' મને કહે છે, 'અમે માનીએ નહીં.' મેં કહ્યું, 'તમને મનાવવા માટે નથી કહેતો, આ તો તમને એકરાર કરતા શિખવાડું છું.'

### મોંઘું પડ્યું ને ફૂલિશ બન્યા

ત્યારે કહે, 'શી રીતે ? કોને ત્યાંથી ચોરી લાવ્યા ?' મેં કહ્યું, ''એવું નહીં, શી રીતે ચોરી કરી તે તમને સમજાવું હું, કેવી રીતે બન્યું, ચોરી કેવી રીતે કહેવાય ! અમારો કોન્ટ્રાક્ટનો ધંધો, તે ખેતીવાડી ખાતાના સાહેબ હતા ને, તે કહે છે, કે 'આ મલબારી પીઢિયા છે તે કાઢી નાખીને ત્યાં સરકારની ઈચ્છા છે સ્લેબ કરવાની. અને આ પીઢિયાઓ બધા છે તે મલબારી સાગના છે અને રંગેલા છે, એટલે સાગ બહુ સરસ છે. તો આ પીઢિયા છે તે બે મને મોકલી આપજો ને બે તમે લઈ જજો.' એટલે મને ગમ્યું, કે 'હારું આ સાહેબે કહ્યું એ સારું થયું તે, સ્લેબના પૈસા તો આપશે અને ઉપરથી આ.' બેઉની પાર્ટનરશિપ. ચોરી મારે કરવાની, હાફ પાર્ટ (અડધો ભાગ) એમનો. કરાવનાર એ. આ ચોરીનો કરાવનાર કોણ આમાં ? એ સાહેબ. એણે કહ્યું ને, કે 'ભઈ, આ પીઢિયા બે તમે લઈ જજો ને બે મને આપજો.' નહીં તો અમારી કાંઈ લેવાની દાનત ના થાય, પણ એમણે કહ્યું અને મને તો બહુ સારું લાગ્યું. છાતીએ આમ ટાઢક વળી ગઈ. તે દહાડે મલબારી માલ આવતો બંધ થઈ ગયેલો.''

એટલે ચોરી કરી, ધાડ પાડી મેં અને બે એમને આપી આવ્યો ને બે મેં રાખ્યા. પાછું છૂપું લાવેલા, નહીં તો સરકાર પકડે. પેલા સાહેબનેય છૂપું મોકલાવ્યું. અને પાછા પીઢિયા બે બાજુ રંગેલા, ફર્સ્ટ ક્લાસ રંગ કરેલો. એટલે મહીં વિત્ત (તાકાત) જતું ના રહેલું હોય. પછી મેં સુથારને કહ્યું, 'બાંકડો બનાવી આપજો.' ત્યારે કહે, 'આ તો અમારો વહેરી વહેરીને દમ નીકળી જાય, હાથની કરવતીથી.' મેં કહ્યું, 'હવે વધારે ખર્ચ થશે પણ તું બાંકડો બનાય ને !' ત્યારે પહેલા રંગને છોલવા પડ્યા ને વહેરવા પડ્યા.

એટલે એ જમાનામાં એ બાંકડો બનાવવાનો બેતાલીસ રૂપિયા ખર્ચ આવ્યો મારે. જો હું એ વેચાતો લઈ આવ્યો હોત એના જેવો તો સાડત્રીસ રૂપિયામાં મળત. ઊલટા જો પાંચ વધારે ગયા. ચોરીનો માલ, અને મારે રોજ દર્શન કરવાના

આમ ! એટલે મેં કહ્યું, 'આ તો ફજેતો થયો. ચોરી કરી, ચોરીનો પેલાને ભાગ આપ્યો, ચોરી રહી અને આપણે હતા તેના તે.' એટલે આવી ને આવી બધી ચોરીઓ કરી. મનમાં એમ માની બેસે કે આ સસ્તું થઈ ગયું, કમાઈ ગયા.

જો ફૂલિશનેસ (મૂર્ખાઈ) કરી ! આખી જિંદગી કોન્ટ્રાક્ટ કર્યો, પણ આ ના આવડ્યું. ચોરી કરવા ગયા ને, એટલે અંધા થયા. એના કરતા બે પીઢિયા વેચી દીધા હોત ને, તો દસ-પંદર હાથમાં આવત. આ તો આમ વહેરી વહેરીને સુથારે જ બધો ખર્ચો કર્યો. તેનો એ બાંકડો બનાવ્યો અને ફૂલિશ (મૂર્ખ) બન્યા અમે. એટલે મેં કહ્યું કે 'ભાઈ, આ ચોરી કરેલો માલ છે.' ઊલટું મને અત્યારે મનમાં એમ થાય છે કે, આવા ધંધા મેં કર્યા છે !

## પોતાનું ખુલ્લું કરતાં બીજા એવું શીખે

ચોરી કરી અને ગુનેગાર બન્યો. મેં કહ્યું, 'આ આવો ગુનો ? હવે ફરી કોઈ દહાડો ગુનો કરવો નથી.' પછી આ કહી દીધું લોકોને, 'જો આ રીતે ચોરી કરીને બનાવ્યો.' 'એવું ના બોલશો, આવું ના બોલાય તમારાથી. તમે જ્ઞાની પુરુષ !' હવે પેલો મને સમજણ પાડે છે કે 'એવું ના બોલાય.' હું નથી સમજતો એ, 'ના બોલાય' એવું ? મારી સમજણની બહાર હતું તેથી બોલ્યો ? અલ્યા, હું તો તને શિખવાડવા સારુ બોલું છું, કે જ્યારે હું આ એકરાર કરું છું, તો તમે એકરાર કરતા શીખો.

**પ્રશ્નકર્તા :** દૃષ્ટાંત આપી શીખવાડો છો આપ.

**દાદાશ્રી :** હા, તમને હું એકરાર કરું છું. મને શરમ નથી લાગતી, તો તમને તમારા દોષ એકરાર કરતા કેમ શરમ લાગે છે ? એ તમને શિખવાડું છું. હું તો અમારું ઉઘાડું કહું પણ તું શીખ, મૂઆ. એવું કંઈ કર્યું હોય તો બોલ ઉઘાડું. હું શા સારુ બોલું ? એ તમારું મન ખુલ્લું કરવા સારુ બોલું.

હું આમ બોલું એટલે તમને હિંમત આવે કે ના આવે ? તમને એમ તો હિંમત આવે ને, કે 'દાદા બોલે છે ને, ત્યારે હવે મનેય મારી ચોરીઓ કહી દેવામાં શું વાંધો છે ?' થોડી હિંમત આવે કે ના આવે ?

**પ્રશ્નકર્તા :** હા, આવે, આવે છે.

## ઓપન ટૂ સ્કાય, નો સિક્રેસી

**દાદાશ્રી :** તમને આવશે આજે હિંમત ? સાંભળ્યું હોય ને, તો થોડી હિંમત આવે. નહીં તો સાંભળ્યું જ ના હોય તો ? સૌ કોઈએ દબાય દબાય કર્યું છે અને આ દાદાએ તો 'ઓપન ટૂ સ્કાય' રાખ્યું છે. એક મિનિટ પણ કશી સિક્રેસી (ખાનગી) નથી ! વર્લ્ડમાં એક જ પુરુષ હોય કે જેને સિક્રેસી ના હોય ! બાકી સિક્રેસીવાળા લોક. સિક્રેસી હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા :** હા જી. પણ દાદા, તમે તો એ સ્ટેજે છો તો ઉઘાડું કરી શકો, અમે શી રીતે કરી શકીએ ?

**દાદાશ્રી :** બળ્યું, હું કહું એટલે હિંમત તો આવે કે ના આવે ? તમને હિંમત આવે એટલા સારુ બોલું છું. મારે કંઈ આબરૂ જવાની નથી. મારી આબરૂ તો ગયેલી જ છે, પણ તારી આબરૂ જાય એવું ખોળી કાઢ કંઈ. મારી ગયેલી, એટલે ગયા પછી ભો રહ્યો નહીં ને !

**પ્રશ્નકર્તા :** પછી ભો ના રહ્યો.

**દાદાશ્રી :** પછી સાચું રડાય કે ના રડાય ?

**પ્રશ્નકર્તા :** રડાય.

**દાદાશ્રી :** હું તને શિખવાડવા સારુ બોલું

છું, કે તું આ કહેજે અને બોલજે. કોઈ દહાડો આવું કંઈ કરી લાવ્યો હોય ને, તો બહાર કહી દે, ઉઘાડું કરી દે, તો હલકો થઈ જઈશ, નહીં તો નહીં થઉં. આવું બોલી બોલીને હું હલકો થયો છું.

'આ ચોરી લાવ્યો' એમ કહ્યું એટલે મારે અહીં હલકું થઈ ગયું ને, હેં ?

**પ્રશ્નકર્તા :** હા. દાદા, આ આપનું સાંભળીને મને બધું યાદ આવતું જાય છે કે મેં ઘણું ચોરીનું ભેગું કર્યું છે.

**દાદાશ્રી :** ના, એમ નહીં. ભેગું કર્યું છે તો યાદ આવે તો પ્રતિક્રમણ કરજો. એમાં વાંધો શો ? અને ભય ના હોય તો મને લખીને આપજો, તે હું ધોઈ આપીશ તમને.

## ખુલ્લું કરવાથી બંધાય મન

આ મારું ખુલ્લું કરું છું, એટલે તમને હિંમત આવે, કે 'દાદા જેવા જો આવું ખુલ્લું કરી નાખે છે, તો આપણે કેમ ના કરવું જોઈએ ?' આ ખુલ્લું કરવાથી તમારું મન બંધાઈ જાય. મારું મન તો એટલું બધું બંધાઈ ગયેલું પહેલા, કારણ કે જ્યાં ને ત્યાં ખુલ્લું કરી નાખું ને, એટલે મારું મન કહે છે, 'આ ભોળા માણસની પાસે હવે કશું કરવું નથી આપણે !' મેં શોધખોળ કરી, મેં કહ્યું, 'આ રસ્તો બહુ સરસ છે.' તે મન કહે, 'આ ભોળા માણસ પાસેથી આપણે કશું ઊંધું કરવું નથી. આ તો ખુલ્લું કરી દે છે, જ્યાં ને ત્યાં. આ તો કહી દેશે, પછી આપણે કરવું શું ?' એવું થાય. એ મન ચૂપ થઈ જાય એની મેળે. તમને સમજાયું, હું શું કહેવા માગું છું તે ?

**પ્રશ્નકર્તા :** પણ ચૂપ થઈ જાય એટલે પછી શું થાય ?

**દાદાશ્રી :** આપણે ગુપ્ત કરીએ છીએ ને, એટલે એની ચાલબાજી ચાલુ રાખે છે. ખુલ્લી કરો ને, તો ચાલબાજી બંધ કરી દેશે.

જો ખુલ્લું કરો ને બધું, તો તમારે વશ થઈ જશે. 'ચોરી કરીને આવ્યો છું ભાઈ, હવે શું થાય તે ?' કહીએ. એટલે મન જાણે કે 'આ આમની જોડે ના રહેવાય. આપણે બીજી જગ્યાએ હેંડો.' ઘર બદલી નાખે પછી એ. રસ્તો સારો છે ને ? બહુ સરસ રસ્તો !

## પોલ ખુલ્લી કર્યે મન ઠેકાણે રહે

કપટને ખુલ્લું કરી નાખીએ એટલે મન બંધાઈ જાય. એટલે ઉઘાડું કરવાથી મનને વશ કરાય છે. આ મોટું ગજબનું વાક્ય છે !

**પ્રશ્નકર્તા :** બહુ સરસ છે. એક્સેપ્ટ કરી લેવું જોઈએ એમ કે જે કંઈ ખોટું કર્યું હોય તે.

**દાદાશ્રી :** હું બધું એક્સેપ્ટ કરી દેતો'તો. જે ભૂલ થાય ને, તે કો'કને કહી દઉં. દેવું થઈ ગયું હોય ને, તોય કહી દઉં, 'દેવું વધી ગયું છે મારે તો. તારે ધીરવું હોય તો ધીરજે ને ના ધીરવું હોય તો ના ધીરીશ.'

**પ્રશ્નકર્તા :** સાચેસાચું કહી દેવું જોઈએ.

**દાદાશ્રી :** હા, એ પોલ બહાર પાડી દેવાની. મનમાં મહીં ગૂંચારા નહીં વાળવાના. મન તો શું કરે ? એને જો પોષ પોષ કરીએ ને, તો મન તો ઊંધે રસ્તે લઈ જાય. અને છતાંય હું તો કહી દઉં કે 'આયે ચોરી કરેલી છે', એટલે મન મહીં કૂદાકૂદ કરી મેલે કે 'મારું ઉઘાડું કરી દો છો ?' ત્યારે મૂઆ, 'તારું ઉઘાડું ના કરે, તો શું તારી જોડે સોબત કરે ? તારી જોડે સોબત કરીને તો આ દશા મારી થઈ છે !' ઉઘાડું કરેલુ સારું ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે તું બોલજે, તો તારું મન

ઠેકાણે આવે. મારું ઠેકાણે આવ્યું તેથી તો આ હું બોલી શકું છું. ક્યારે બોલાય માણસથી ? એટલે તમે તમારું ચોરીનું એક્સેપ્ટ કરી દેજો, તો મન તમારું નિર્મળ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** એ વાત તદ્દન સાચી છે !

## અલૌકિક આબરૂ પાર વગરની !

**દાદાશ્રી :** જેટલી મેં ચોરીઓ કરી છે, એ બધી ઉઘાડી પાડી છે. અમે તો તટસ્થ દ્રષ્ટિથી જોઈએ અને લોકોની પાસે ખુલ્લું કહી દઈએ અમે, જેટલી અમારી ભૂલ હોય એ બધી ખુલ્લી કહી દઈએ. અને હું કહેતો'તોય ખરો કે 'ભઈ, (આ અમારી) ખુલ્લી નબળાઈ છે.' મેં તો મારી બધી નબળાઈ જાહેર કરી દીધેલી. ખરેખર એક્ઝેક્ટ જે બનેલું હોય એવું જ અમે બોલીએ. પાછું જૂઠું ના બોલીએ, બનાવટ કરવાની નહીં. મન-વચન-કાયાથી તદ્દન સાચું, ખુલ્લંખુલ્લું. જે બની ગયું, એ ખુલ્લું જ. એટલે મારું મન છે તે બીજું નવું ખરાબ કરતા તો અટકી જ જાય. કારણ કે 'આ કહી દે છે. ભોળા માણસ છે ને, કહી દેશે', કહે છે. મનેય (મન પણ) એવું જાણે કે આ ભોળા છે. ઓપન (ખુલ્લું) જ કહી દઉં. કારણ કે આબરૂ કોની જવાની ? છે જ ક્યાં આબરૂ ? આબરૂ નથી તેથી તો કપડાં પહેરીને આબરૂ રાખવા ફરે છે. અને કપડુંય જો ફાટી ગયેલું હોય ને, તો આમ સિવડાવી દે છે. અલ્યા મૂઆ, આબરૂ જવા દે ને ! ત્યારે કહે, 'ના, સિવડાવી નાખો ને, આબરૂ બંધ રહે.' સીવેલામાં આબરૂ રહે છે એને. આબરૂ તો, નાગો ફરે તોય આબરૂ જાય નહીં. એની સુગંધી આવતી હોય આબરૂદારની ! આ ગંધ આવે ને, એને શું કરવાનું ? એ આબરૂ એવી કેવી કે જાય ?

આ તો અમારું તમને કહીએ, તેથી તમારા બારા ખૂલે. અમારી તો આબરૂ ગયેલી જ હોય, તે ક્યાં આબરૂ ઢાંકવા જઈએ ? અમારે તો લૌકિક આબરૂ ગયેલી હોય પણ અલૌકિક આબરૂ પાર વગરની હોય !

## ગુપ્ત તે પડદો ભગવાન સાથેનો

તે આવી ચોરીઓ ઘણી કરેલી, પણ બધી એકરાર કરી નાખું હું. પછી મન ભડક્યા કરે મારાથી. કંઈક અવળું-હવળું કરવું હોય ને, તો ભડક્યા કરે. મારી પર શંકાની નજરે જ જોયા કરે, 'કંઈ કહી દેશે તો, કહી દેશે તો ? એટલે અહીં કશું કરવું જ નથી' કહે. મનને મારી પર બહુ શંકા પડે, 'આ તો કહી દેશે, ઓપન કરી દેશે.' અને આબરૂ તો મનની જાય. મનને બહુ બીક ! 'આ ના કહે તો બહુ સારું, ના કહે તો બહુ સારું.' પણ હું કહી દઉં બધું. એટલે મન મહીં ઝલાઈ ગયું કે 'આ ભોળા માણસ છે. આપણે તો હવે કશું કરવું જ નથી.' મન શું કહેવા માંડ્યું ? મન ચોરી કરતા ડરે કે ના ડરે પછી ?

**પ્રશ્નકર્તા :** જરૂર ડરે, ડરે જ.

**દાદાશ્રી :** એટલે બધું જ કહી દીધું પછી. 'આય ચોરીનું છે, આય ચોરીનું, આય ચોરીનું.' એટલે મન ઝલાઈ ગયું પછી. પછી ચોરી કરે જ નહીં. આપણે કહીએ તોય ના કરે. લે, કર ને, કર ! એની આબરૂ જાય, હડહડાટ ! અને હું તો આબરૂ તોડવા જ માગું છું તારી ! 'આવી જા તું ! તું છું ને હું છું !' 'હું વીતરાગી વેલ છું !' મારી વેલ જ વીતરાગી છે. એ (મન) જતું રહ્યું. અને પછી આ આને કાઢ્યા. મહીં ભૂતા બેસી રહેલા, ગુપ્ત. કોનાથી ગુપ્ત ? મૂઆ, શાનો ગુપ્ત રાખે છે તે ? આ તેથી તો મહીં 'આડી ત્રાટી કપટ કી, તાંસે દિસત નાહિ.'

'મૈં જાનું હરિ દૂર હય, હરિ બસે હૃદય માંહિ.
આડી ત્રાટી કપટ કી, તાંસે દિસત નાહિ.'

– કબીરજી

પડદો નાખ્યો પાછો ઉપરથી, અને પાછો એની પર ડામર મારે. જોઈ ના જાય ભગવાન ! શું આબરૂના કાંકરા કર્યા ! અને જો ઉપાધિ ને ચિંતા, આમાં તો જીવાતું હશે આવું તે ? મારાથી જીવાયું નહીં ત્યારે તો આ મેં શોધખોળ કરી. એની પાછળ પડ્યો. બાકી કશું દુઃખ નહોતું.

## એકરાર કરવામાં શૂરા રહો

એટલે આપણે ગમે તે ટાઈમે, જ્યાં આબરૂ જાય ત્યાં ફક્ત આબરૂ નહીં, નાકકટ્ટી થાય તોય એકરાર કરી દેવો. એકરાર કરવામાં શૂરા રહેવું જોઈએ.

હંમેશાં કોઈ પણ ચોરી થઈ હોય ને, તો તમે કો'કને કહો ને, એટલે તમારું મન શું કહે ? 'ચંદુભાઈ ભોળા માણસ છે તે આપણે અહીં રહેવું નથી, આપણે બીજી જગ્યાએ હેંડો.' શું કહે ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, સાચી વાત છે.

**દાદાશ્રી :** જે કોઈ પણ ખુલ્લું કરી નાખે ને, એટલે મન ત્યાં આગળ સમજી જાય કે આ ઘર ભોળું છે, આપણે અહીં રહેવા જેવું નથી. અને જે ગુપ્ત રાખે ત્યાં જ એ મુકામ કરે. ડૉક્ટર સાહેબ, આપનો શો મત છે ? અમારો તો એ છે.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, કન્ફેશન ઈઝ બેસ્ટ (એકરાર એ ઉત્તમ છે), દાદા.

**દાદાશ્રી :** એટલે વસ્તુસ્થિતિમાં આ ઉપાય છે.

## ગુનો ઉઘાડો કરતા મન વશ

દાદાની પાસે જઈને ખુલ્લી વાત કરે ને, એટલે તમારું મન ઊભું ના થાય પાછું. દાદાની પાસે કબૂલ કર્યું ને, એટલે મન ટાઢું થઈ જાય, ચૂપ થઈ જાય.

હમણાં આ ભાઈએ કોઈ ચોરી કરી, પછી અમને કહી દીધું, તે એનું મન શું કરે ફરી ચોરી કરવાને માટે ? ફરી કરવા માટે પાછું પડી જાય. મનની પછી હેલ્પ નહીં થાય. મન તો શું કહે છે કે કોઈને કહેશો જ નહીં ને કહેશો તો ફરી તમારું કામ નહીં કરું.

માટે 'ગુપ્તતા ખુલ્લી કરી નાખો', અમારું સાયન્સ એવું કહે છે. જે તમારી અંદર ગુપ્ત ભાવો હોય એ બધા ખુલ્લા કરી નાખો, બોજો ઓછો કરી નાખો. ક્યાં સુધી રાખી મૂકશો ? લાકડામાં જશો તોય બોજો રાખી મૂકવાનો ? ગુપ્તતા હોય કે નહીં લોકોને ? તમે શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** ઊલટાનું આપે કહ્યું છે ને, કે મનને કડવું પીવડાવો ત્યારે જુદા રહેવું. એવા પુરુષાર્થમાં જ રહેવું જોઈએ.

**દાદાશ્રી :** 'એ' કડવું પીવે ત્યારે આપણે આમ તાલીઓ વગાડીએ, 'હંઅ, હવે ઠેકાણે આવ્યા ! ત્યાર વગર તમે ઠેકાણે આવો એવા નહોતા !'

**પ્રશ્નકર્તા :** એવું જોડે બોલવું પડે અંદર ?

**દાદાશ્રી :** એવું બોલ્યા કે વધ્યો આગળ. પછી દુઃખ ના હોય, દુઃખ અડે નહીં. 'બહુ રોફ મારતા'તા ને કંઈ, લ્યો ને, સ્વાદ કાઢો !'

**પ્રશ્નકર્તા :** એવું બોલવાનું. એ બોલવાથી શું ઈફેક્ટ ઊભી થાય છે અંદર ?

**દાદાશ્રી :** બોલવાથી બધું મહીં ટાઢું પડી જાય કે હવે આપણા હાથમાંથી લગામ ગઈ. મન-બન બધું ટાઢું પડી જાય. મન જાણે કે હવે છૂપું રાખવાનું હતું તે ઊઘાડું કરી નાખ્યું. આબરૂ જશે હવે. આ તો છૂપું રાખવાનું હતું, ખાનગી રાખવાનું હતું, તે બધું ઊઘાડું કરી નાખે છે. આપણે પહેલું કહેવું પડે કે ઊઘાડું કરી નાખીશ, બા. તારે જે ઊંધું કરવું હોય તે કર. તે ચોરી કરી માટે કહી

દઈશ કે તું ચોરી કરું છું. એ ફરી ના કરે એવું કહી દઈએ તો, પણ લોકો છૂપાવે, નહીં ?

ફરી ગુનો કરવાનું મન થાય ને, ત્યારે ઓપન કરીએ એટલે મન ટાઢું પડી જાય. એ જાણે કે હવે આ માણસને ત્યાં રહેવાય નહીં. મન શું કહે ? 'જે રીતે ઊઘાડું કરી નાખે છે, હવે અહીં તો આપણે રહેવાય નહીં.' એટલે બીજી જગ્યાએ જતું રહે. તો તું શું કરીશ પછી ? બીજી જગ્યાએ જતું રહે તો ચાલશે ? કારણ કે ઊઘાડું કરી નાખે એટલે મન રહે નહીં પછી. મન કંટાળી જાય કે 'આ તો કેવો માણસ છે ! મને બોલાવીને દગો કર્યો.' ગુપ્ત રાખવાનું હતું, તેને ઊઘાડું કરી નાખવું, કહે છે. તને ગુપ્ત રાખવાનો બહુ શોખ ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ઓપન કરી નાખું છું ? ત્યારે સારું. મન વશ કરવું હોય તો એકરારથી થાય. દરેક બાબતમાં પોતાની નબળાઈ એકરાર કરો ને, તો મન વશ થઈ જાય, નહીં તો મન વશ થાય નહીં. પછી મન બેફામ થઈ જાય. મન કહેશે, ફાવતું ઘર છે આ !

## તમે તમારી ચોરીની તપાસ કરજો

તે પેલા બધા મહાત્માઓને સમજ પાડી, કે 'આ હું જ ચોરેલા માલ ઉપર બેસું છું. માટે તમારી ચોરીઓનું તપાસ કરજો.' મેં તો મારી તપાસ કરીને બધી ધોઈ નાખી છે. કારણ કે હું તો મારી તપાસ કરીને, તમારા મોઢે આલોચના કરી દઉં છું ને બધી ધોઈ નાખી છે, કે ''ભાઈ, આની આની ચોરી કરી'તી.'' કારણ કે મને છૂપાવવું ગમતું જ નહીં, જે હોય એ ચોખ્ખું કહી દેવું. તે મેં કહ્યું, 'ભઈ, આ ચોરી કરેલો માલ.' અને બીજી કંઈ ચોરી નથી કરેલી, લાંબી. પહેલા ચોરીઓ બહુ કરેલી સિમેન્ટની, સરકારમાંથી સિમેન્ટ કાઢી લઈએ. તો એ બધી ચોરીઓ ના કહેવાય, બળી ? તમને કહીએ ત્યારે મનમાં એમ થાય કે અરેરેરે ! આવું ! પણ એ તો બધું ધોઈ નાખ્યું, બહુ વખત ધોઈ નાખ્યું. કંઈ કરવામાં બાકી રાખ્યું નથી. પણ આ બધું ધોયું ને, તે ધોયા પછી ઊજળું થયું. અમને ધોતા આવડે.

**પ્રશ્નકર્તા :** હા, એ જ મુખ્ય વાત છે.

**દાદાશ્રી :** તમારું હઉ વૉશિંગ કરી (ધોઈ) આપું ને ! અને તે વૉશિંગ મશીન, ધોતા આવડે.

એક ફેરો કશુંક ખોટું થયું હોય, આપણે ચોરી કરી હોય, તે સ્થૂળ ચોરી નથી કરતા આપણે, જેને પોલીસવાળા પકડે એવી ચોરી નથી કરતા, પણ પોલીસવાળા ન પકડે એવી ચોરીઓ તો હજારો થઈ રહી છે, આ ઊંચી નાતમાં. પોલીસવાળા ના પકડે એવી બુદ્ધિથી ચોરીઓ, બુદ્ધિ ને મનની. તે ચોરી આપણે કહી દેવી કે આ મેં ચોરી કરી છે. એટલે અત્યાર સુધી એ કરેલા કાર્યો જોઈ, સંભારીને, યાદ કરીને પ્રતિક્રમણ કરજો. ખોટું થયેલું હોય ને ? જ્ઞાનીઓથી થયેલું છે, તો બીજા લોકોનું તો શું ગજું આ કાળમાં ?

## ના કરો સંકોચ પોતાના દોષ ખુલ્લા કરવામાં

આ દુનિયામાં 'હું ખોટો છું' એવું કોણ બોલે ? જે તદ્દન સાચો હોય તે જ બોલે. બાકી તો બધું અંડરગ્રાઉન્ડ (છાનું), ઢાંકેલું જ રાખે. આપણે પૂછીએ કે 'સાહેબ, કોઈ દહાડો મનથીય ચોરેલું ?' ત્યારે કહે, 'ના, બા, એવું કશું નહીં.' અને અમે કહી દઈએ કે 'આ અમે બેઠેલા છીએ ને, તે બાંકડો ચોરીને લાવેલા.' શા હારુ અમે કહીએ ? ત્યારે તમને હિંમત આવે, તમે બીજા લોકોને કહો કે 'મેં આ ચોરેલું છે.' એમ ખુલ્લું કરતા ફાવે ને ! હૃદય ખુલ્લું થઈ જાય, હલકું થઈ જાય. કોઈ કબૂલે જ નહીં ને ! શાથી કબૂલતા

નહીં હોય ? આ જરા મુઠ્ઠીમાં (આબરૂ) હશે તે ખુલ્લી થઈ જાય, બહાર પડી જાય. ત્યારે છે જ ક્યાં તે ? દેખાડે તો ખરો, આ મુઠ્ઠીમાં શું છે તે ? 'ઉઘાડી થઈ જાય' કહે, તે શું છે મુઠ્ઠીમાં ? મોટા (આબરૂવાળા) આવ્યા !

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહો છો કે મુઠ્ઠીમાં કશું નથી પણ લોકો તો એમ જ માને છે કે આમાં જ છે બધું.

**દાદાશ્રી :** બીજો કોઈ બાપોય માનતો નથી, (પોતે) મનમાં માની રાખ્યું એટલું જ. કોઈ પૂછે ? ખોટું પોલંપોલ ચાલતું હશે ? તેથી અમે કહીએ કે 'આ બાંકડો ચોરીને લાવ્યા છીએ.' શા હારુ ? તમને હિંમત આવે એટલા હારુ. એ કહે કે દાદા બોલે તો આપણે આવું બોલો. એમ કરતા કરતા રાગે પડી જાય બધું. પોતાના દોષ બોલવામાં, કહેવામાં વાંધો શું ? ઓપન ટુ સ્કાય (ખુલ્લા) કરી નાખો ને ! વાંધો શો છે ? ઝટ વેચાઈ જાય ને, માલ આપણે ! વેચી દેવો છે તે હવે એને પાછા સ્ટૉકમાં દબાય દબાય કરીએ. એ દબાવવાનું તે ક્યાં સુધી દબાવવાનું ? ઑન ઑક્શન (હરાજી) કરીએ ત્યારે તે શું થાય ? કંઈ સુધી રાખી મેલવું આપણે ? એક ફેરો વેચી દીધું એટલે નિવેડો આવ્યો. વેચવો ના જોઈએ ?

**પ્રશ્નકર્તા :** વેચવો જોઈએ.

**દાદાશ્રી :** જ્યારે ત્યારે તો આ માલ દુકાનમાંથી કાઢી નાખવો જ પડશે ને, દુકાન ખાલી કરવા માંડી એટલે !

એટલે ઊંચું મેલી દેવાનું. હવે આપણા હાથમાં લગામ આવી ગઈ. એટલે હવે વાંધો નહીં. તમારે જે લેવું હોય તે લઈ જાવ, કહીએ હવે. દોરો આપણા હાથમાં આવી ગયો. ગુલાંટ ખાશે તો ખેંચીશું, તરત રાગે પડી જાય અને દોરો નહોતો ત્યાં સુધી ગુલાંટ ખાય તો ? બૂમાબૂમ કરીએ કશું વળે ?

## જ્ઞાનીને જોઈને હિંમત આવે ખુલ્લું કરવામાં

આ બધી સમજવાની જરૂર ખરી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, દાદાજી.

**દાદાશ્રી :** એકેય શાસ્ત્રમાં લખેલું હોય આવું ? આ તો અમારી ચોરી કહીએ, ત્યારે તો બધા ખુલ્લા થાય. જ્યારે જ્ઞાની પુરુષ (એમની) ચોરી કહે ને, ત્યારે હિંમત આવે બળી ! ના આવે ? હિંમત આવી થોડી ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** અમે તો બધું કહી દઈએ. જ્યારે જે વખત આવે ને, એ વખતે બધું કહી દઈએ અમે. કારણ કે અમારે બીજી કશી લેવાદેવા જ રહી નથી ને ! અમારે એમની જોડે કોઈ જાતની લેવાદેવા રહી નથી હવે. અમે એમનો હિસાબ ચૂકવી દેવા માગીએ છીએ બધો, એ.એમ.પટેલનો. જે હોય તે, પણ માણસ સારા, એકંદરે સારા ! એમની જોડે રહેવામાં વાંધો નહીં.

મને એક જણે પૂછ્યું, 'એ.એમ.પટેલ કેટલા સારા ?' મેં કહ્યું, 'આફ્ટર ઑલ, હી ઈઝ અ ગુડ મેન (એ સારા માણસ છે.).' આફ્ટર ઑલ, એટલે આ બધી ચીજો હોવા છતાંય એવા માણસ મળવા મુશ્કેલ છે.

**નીરુમા :** 'ફર્સ્ટ ઑફ ઑલ', દાદા. ફર્સ્ટ ઑફ ઑલ ગુડ મેન !

**દાદાશ્રી :** 'આફ્ટર ઑલ, હી ઈઝ અ ગુડ મેન', કહ્યું.

## મોક્ષમાં જતા શું રોકે છે ?

અમે બાંકડાની ચોરીના તે વખતે પ્રતિક્રમણ

કરેલા તેવું તમે આગળનું જોઈને પ્રતિક્રમણ કરજો, તો ચોખ્ખું થશે. શા માટે બાંકડાનું કહ્યું કે સામાને પ્રતિક્રમણ શિખવાડવા. અને ખુલ્લું કરો તો હલકા થવાશે ને ગપોટ્યું તો ગયો, લેયર (આવરણ) પર લેયર ચઢે. એટલે ખોટું થાય તો બે જણને કહી દેવું એટલે મન ઝલાઈ જાય ને મન સીધું રહે, નહીં તો લેયર પર લેયર ચઢતા જાય.

એટલે હવે અમે આલોચના-પ્રતિક્રમણ કરીએ છીએ ને, એવું પ્રતિક્રમણ કર્યા કરજો બધા, નહીં તો એ જ મોક્ષમાં રોકે છે. શું રોકે છે ? સાચી આલોચના નથી કરી માણસે, એ જ મોક્ષમાં જતા રોકે છે. ગુના થાય તેનો વાંધો નથી, આલોચના ન કરવાનો વાંધો છે, દોષ છે.

એટલે મારી પાસે આપણા મહાત્માઓ, સ્ત્રીઓ-પુરુષો એવી સાચી આલોચના કરે છે, કે વર્લ્ડમાં ક્યારેય નહીં બન્યું હોય ! સ્ત્રીઓ એમની છેલ્લામાં છેલ્લી ઢબનીય આલોચના કરે છે, શા શા ગુના કર્યા એ બધા વિગતવાર ! કહી દે તો એમનું કલ્યાણ થઈ ગયું ! આલોચના થાય તો કલ્યાણ થઈ જાય ને ?

**પ્રશ્નકર્તા :** હા, થઈ જાય.

## ખુલ્લું કરવું એ છેલ્લું ડેવલપમેન્ટ

ગુપ્ત જે છે ને, ખાનગી... સિક્રેસી, એ જેટલી ઓછી થાય એ કરવી. જ્યારે ત્યારે સિક્રેસી ઓપન ટૂ સ્કાય કરવી પડશે, એટલું લક્ષમાં રાખવું.

જ્યારે ત્યારે ઓપન ટૂ સ્કાય કરવી જ પડશે ને, તો પહેલેથી થોડું થોડું અમલમાં મૂકતા જઈએ. મારે કંઈ એમ ને એમ નથી આવી. ધીમે, ધીમે, ધીમે, સ્ટેપ બાય સ્ટેપ ! એમ ને એમ તો આવે જ નહીં ને ! આ તો સહેલી વસ્તુ નથી ને ! આખો પુદ્ગલમાં જ રગદોળાયેલો ને ! અને ત્યાં કમળરૂપે શી રીતે હોઈ શકે ? ત્યારે કહે, 'જ્ઞાન થયા પછી કમળરૂપે થાય.' અને ત્યાર પછી જ પાણી જરા ચોંટેલું હોય તે ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** મેક્યાવેલી કરીને પશ્ચિમનો એક મોટો લેખક છે, તત્ત્વજ્ઞાન ઉપર. એ એમ કહે છે, ખાનગી વાત કોઈને કરવી જ નહીં.

**દાદાશ્રી :** એ તો ખરું કહે છે. બિચારા ખાનગીથી તો ઊલટો પકડાવી દે લોકો. ખાનગી વાત કોઈ (ખુલ્લી) કરતા જ નથી ને ! આપણા લોકો અક્કલવાળા છે. આ એને કહેવું નહોતું પડે એવું ! એ છે તે આવું બૂમો પાડે છે, એ તો એના દેશને માટે જરૂર. આપણા દેશમાં તો કહે એવાય નથી. આપણે ત્યાં નાનું છોકરું હોય તોય ના કહે.

**પ્રશ્નકર્તા :** ભગવાન કહે છે કે દુશ્મનને પણ ખાનગી વાત કરી દેવી. કશું ખાનગી રાખવું જ નહીં.

**દાદાશ્રી :** એ ડેવલપમેન્ટ છે. છેલ્લું ડેવલપમેન્ટ થયા પછી જ આપણે ખાનગી બધું ખુલ્લું કરીએ ને ! ખુલ્લું કરવું એ છેલ્લું ડેવલપમેન્ટ છે. ત્યાં સુધી કયું ડેવલપમેન્ટ છે ? 'ખાનગી નહીં કરવું' એ ડેવલપમેન્ટ છે. આવડું આઠ વર્ષનું છોકરું હોય ને, તેય છે તે ચાર આના દબાવી દીધા હોય, પછી છો ને એના ગજવામાં મૂકી રાખે ને આપણને કહે જ નહીં. બહુ પાકો હોય ! એ પેલાને બોલવું જ ના પડે. એ તો એના દેશને માટે બોલવું પડે. આ દેશને માટે બોલવું પડે ?

આપણા લોક પરમાત્માને માને છે ખરા, નહીં ? અને ખાનગી કામેય કરે છે, નહીં ? જે પરમાત્મા તારી બધી જ ક્રિયાઓ જાણે છે, તેનાથી ખાનગી શી રીતે રખાય ? ભગવાનને ઓળખવા હોય તો પછી છૂપા કામ કરવાના ના હોય. છૂપા કામ કરે છે, તેને સવળું કરવા શું કરવું ? કામ ઊઘાડા કરી નાખવા એટલે લોકભય જતો રહે.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ

**૨૩ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

**૪ સપ્ટેમ્બર** (શુક્ર) રાત્રે ૯-૩૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૧૭ ઓગષ્ટ થી ૬ સપ્ટેમ્બર** દરમ્યાન - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુ પૂર્ણિમા દર્શન કાર્યક્રમ)**

**નોંધ :** તમારા સેન્ટરનો દર્શન માટે કયા દિવસે વારો છે, તેની વિગત **'AKonnect'** પર ચેક કરી લેવી.

**૮ થી ૧૫ સપ્ટેમ્બર** (મંગળ થી મંગળ) - **આપ્તવાણી ૧૪ ભાગ-૫** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

**સમય :** સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦ થી ૭

**નોંધ :** આપ્તવાણી ૧૪ ભાગ-૫ પેજ નં ૨૬થી વાંચન, વિજ્ઞાનઘન, એબ્સૉલ્યૂટ જ્ઞાનમાત્ર, હેડિંગથી.

- પારાયણમાં ભાગ લેવા તેમજ દર્શન માટે **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**૮ નવેમ્બર** (રવિ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૧૦ નવેમ્બર** (મંગળ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ

### વારાણસી

**૨૯ અને ૩૧ ઓગષ્ટ** (શનિ અને સોમ) સાંજે ૬ થી ૮-૩૦ - **પ્રશ્નોત્તરી સત્સંગ**

**૩૦ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર, નગર નિગમ પાસે, સિગરા, વારાણસી. **સંપર્ક :** 7007270283

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 7 से 7-30 (कन्नड़ा में)

**USA-UK-Africa-Aus.**

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335

**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

# આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો યુ.એસ.એ. સત્સંગ પ્રવાસ જૂન - જુલાઈ ૨૦૨૬

## શિકાગો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૪ થી ૮ જુલાઈ ૨૦૨૬




## ન્યુ જર્સી : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૦ થી ૧૨ જુલાઈ ૨૦૨૬



ઓગસ્ટ ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૧૨
સળંગ અંક-૩૭૨

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## નિષ્પક્ષપાતી દ્રષ્ટિ થશે ત્યારે પોતાના દોષ દેખાશે

'સ્વરૂપના જ્ઞાન' વગર તો ભૂલ દેખાય નહીં. કારણ કે 'હું જ ચંદુભાઈ ને મારામાં તો કશો વાંધો નથી, હું તો ડાહ્યોડમરો છું' એમ રહે અને 'સ્વરૂપના જ્ઞાન'ની પ્રાપ્તિ પછી તમે નિષ્પક્ષપાતી થયા, મન-વચન-કાયા પર તમને પક્ષપાત ના રહ્યો. તેથી પોતાની ભૂલો તમને પોતાને દેખાય. જેને પોતાની ભૂલ જડશે, જેને ક્ષણે ક્ષણે પોતાની ભૂલ દેખાય, એ પોતે 'પરમાત્મા સ્વરૂપ' થઈ ગયો ! કોઈનો સહેજેય દોષ દેખાય નહીં અને પોતાના બધા જ દોષો દેખાય ત્યારે પોતાનું કામ પૂરું થયું કહેવાય. આ નિર્દોષ જગતમાં કોઈ દોષિત છે જ નહીં, ત્યાં દોષ કોને અપાય ?

\- **દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.